જ્ઞાન સાગર.

:0:

હરીદાસના બનાવેલા સવૈયા; નરભેરામના બનાવેલા
છપ્પા, રાજીયા, અને પદ; પરચુરણ પદ તથા ચાણખ્યા
અને તુલસીદાસ તથા કબીરજીના દુહા વિગેરે.
સહીત.

કર્તા તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. નાથાલાલ કાળીદાસ.

અમદાવાદ.

રાયપુર આકાશેઠના કુવાની પોળ સામે મેહેતા ન્હાલા-
ભાઈ કરૂણાશંકરના મકાનમાં **ઈન્ડિયન ગાઈડ**
છાપખાનામાં ભોગીલાલ ભુલાખીદાસ મારફતે છાપ્યો.

સંવત ૧૯૪૮, સને ૧૮૯૨.

કીમત રૂ. ૦-૩-૧

જ્ઞાન સાગર.

:o:

હરીદાસના બનાવેલા સવૈયા; નરભેરામના બનાવેલા
છપ્પા, રાજીયા, અને પદ; પરચુરણ પદ તથા ચાબખા;
અને તુલસીદાસ તથા કબીરજીના દુહા વિગેરે.
સહીત.

કર્તા તથા છપાવી પ્રસિદ્ધ કરનાર
શા. નાથાલાલ કાલીદાસ.

અમદાવાદ.

રાયપુર આકારોઠના કુવાની પોળ સામે મેહેતા ન્હાલા-
ભાઈ કરૂણાશંકરના મકાનમાં **ઈન્ડિયન ગાઈડ**
છાપખાનામાં ભોગીલાલ બુલાખીદાસ માસ્તરે છાપ્યો.

સંવત ૧૯૪૮, સને ૧૮૯૨.

કીમત રૂ. ૦-૩-૦

પ્રસ્તાવના.

——:0:——

આ પુસ્તક અમોએ ઘણી મેહેનત લઇ હાથનાં લખેલાં પુસ્તકો ઉપરથી અસલ પ્રમાણે છાપેલું છે તેથી કોઇ ઠેકાણે કાંઇ ભુલ ચુક હોય તો તેમાં અમને દોષ ન દેતાં કૃપા કરી સુધારીને વાંચવું.

આ પુસ્તક બાબતનાં અમોએ પ્રથમ હેંડબીલ કાઢેલાં તેમાં સતભામાજીનું રૂષણું દાખલ કરવા અમોએ લખેલું, પરંતું ઘણા ભક્ત જનોના મત, તે છપાઇ ગયેલું હોવાથી દાખલ નહીં કરતાં, બીજું કાંઇ સુબોધ દાયક હોય તે દાખલ કરવાનો થવાથી, તેને બદલે અમોએ નરભેરામના બનાવેલા છપ્પા, રાજીયા તથા પદ દાખલ કરેલાં છે. વળી તે ઉપરાંત તુલસીદાસના તથા કબીરજીના દુહા પણ દાખલ કરેલા છે.

કર્તા.

નાથાલાલ કાલીદાસ.

૮૯૩

જ્ઞાન સાગર.

———:o:———

હરીદાસજીના સવૈયા.

દોહા.

પુરૂત પુન્ય કરી મિલત હે, જ્ઞાનીકો સંગ આય;
સબ ગ્રંથનકે તત્વકુ, પલમેં દેત બતાય. ૧
અવગાહન બાહુ ગ્રંથકો, કીન્હો હે જીન સંત;
તાકી સંગતિ જો કરે, સબી સુને ઉન ગ્રંથ. ૨

સોરઠા.

જબ પાયો સતસંગ, સિદ્ધિ ચઢયો વૈકુંઠકી;
જ્યા દિન મિલ્યો કુસંગ, તાદિન જાનુ ગિર પરયો. ૧

દોહા.

ભોજન મૈથુનકી કથા, કરત લુગાઇ લોગ;
તાકી બાત ન કરતહે, જીન દાનો સબ ભોગ. ૧
જેસે મીઠે લગતહે, ગ્રામ કથાકી બાત;
એસી લો હરી કથનમેં, તરીવો કેતિક બાત. ૨
જેસે ફુલે ફીરતહે, વ્યાહ કાજ નર નાર;
યોં ફુલે હરી ભકતીમેં, સંગ ફીરે કીરતાર. ૩
સબકે ગુરૂ સબકે ધની, સબકે સરજનહાર;

તાકો કયોં ન સંભારીયે, મારણ તારણહાર. ૪
મિત્ર પુત્ર ધન કામની, જેસી પ્યારી તોઈ;
એસે પ્યારે હરી લગે, યા તે ભક્તી ન કોઇ. ૫
જગમેં હે ગઈ જગવારતા, તામેં તન મન દેત;
પરમેશ્વરકી બાતકુ, દમડી સેર ન લેત. ૬

સવઈયા.

કોઇ રહયો રચી ભાંગ તમાકુમેં, કોઈ રહયો રચી વાસ સુગંધા; કોઇ રહયો રચી બાત વિલાસમેં, કોઈ રહયો રચી કામની અંધા. ૧ કોઈ રહયો રચિ માન ગુમાનમેં, કોઇ રહયો રચિ ખ્યાલ અનંદા; દાસ હરિ હરિકુ જયું વિસારકે, બીચ લગાયોહે ગોરખ ધંધા. ૨ કે દિન જાત હે પુત્ર ખેલાવત, કે દિન જાત હે બાત બનાયે; કે દિન જાત હે નારિકે ચિંતવત, કે દિન જાત હે દ્રવ્ય ઉપાયે. કે દિન જાત હે ખાવત સોવત, કે દિન જાતહે ક્રોધ બઢાયે; યોં હરિદાસ કહે નર હે સો રત્ન સિંદ્યો પર દેત ગમાયે. ૧

કવિત.

ફલાને બરસ હમ ફલાનેકો દેશ દેખ્યો;
ફલાનેકે બ્યાહવેકુ ગયેહે ઉતાવરે. ૧
ફલાનેકી નેકી નારી, ફલાનેકે એતા ધન;
ફલાની હમ વસ્તુ પાઇ, મેરે મન ચાવરે. ૨
એસી એસી કથા કરી, જનમ ગમાયો દેત;

વાકી બાત કીની વામેં, તાકુ કહા બાવરે. ૩
કહે હરીદાસ હરી નામકુ બિસારી દેત;
તાહીપે પરત જમકિંકરકે ધાવરે. ૪

સવઈયા.

જાડર મારૂત મંદ ચલે અરૂ, જાડર પાવક અન્ન પચાવે; જા ડર સાગર સેતુ ન છાંડત, જા ડર પૃથ્વી ભાર ઉઠાવે. ૧ જા ડર કાલ ડરે અરૂ દેવતા, જા ડર રવિ શશી ભ્રમત રહાવે; એતે સબે ડરપે હરિદાસપે, જીવ અજ્ઞાની ડરે ને ડરાવે. ૨ ચોકડી વીતે એકોતેર હી તબ, ઈદ્રકી આયુષ હોત પુરારી; ઈદ્ર ચતુરદશ જો ચલી જાતહી, બ્રહ્માકો એક દીવશ ભયારી. ૩ એસનકુ ડર કાલકો લાગત, તું હરિદાસ ન સોવે સુખારી; તુચ્છસી આયુષ પાય ચઢયો મદ, જીવ નહીં ડર રાખે અનાડી. ૪ જો કોઉ કાહુકી નિકી ત્રિયા તાકી લેત આલીંધન કામકે મારે; તાકુ આલીંધન ધર્મરાજ લેવાવત, લોહકે થંભ તપાવત ભારે. ૫ આંખનમેં જમ કાંટા ચુવાવત, જો પરનારીકુ દ્રષ્ટિ નિહારે, યોં હરિદાસ કહે રૂષિ નારદ, કીજીએ કર્મ બિચારકે પ્યારે. ૬

દોહા.

ઘર બાહરકે જીવ સબ, જાકુ દેખી ડરાય;
તે નર સુકીત ના કરે, કરે તો નિષ્ફળ જાય. ૧

કવીત.

મર્કટસે કામી અરુ, લોભી મૃગ મીન જેસે;
સર્પ જેસે ક્રોધી જન, વેરી સર્વજીકે હે. ૨
સ્વાનસે અદેખે યહુ: હીસક બિલાર જેસે;
મુરખ પતંગ જેસે, પતન હોન તાકેહે. ૩
રાક્ષસસે નિર્દયહી, અહંકારી અસુર જેસે;
કાકસે સયાને કટુ બોલ સુજ્યો ભાખેહે. ૪
હરિસુ વિરોધી હરીદાસનકી નિંધા કરે;
એસે એસે પાપીનકુ નર્ક કરી રાખ્યોહે. ૫
સાગરસે ગહીરે અરુ, વસુધાસે ક્ષમાવાન;
અગ્નીસે અલોભી સુચી નીરસે રહાયેહે. ૬
માતાસે કૃપાળ પર્માત્માસે દયાલ ચિત;
વૃક્ષનકિ ભાંતી સુખ, દેનાહીકુ આયેહે. ૭
કામિનિસે કોમલ, અકામ લઘુ બાલ જેસે;
ચાતકસે મીઠે બોલ, સબકો સોહાયેહે. ૮
હરિ જુકે ભકત હરીદાસનકે મિત્ર સદા;
એસે એસે પુરુષકુ, વૈકુંઠ બનાયેહે. ૯

દોહા.

લાજત હે હરિ નામસું, સોઇ ખરો નિર્લજ;
કુટ રોવા રહી વાર જબ, તાકી લાગી ન લાજ. ૧

સવઇયા.

લાજતહે હરીકે ગુન ગાવત, તેરોહી કાજ રુચી

બીગરેગો; લોગ કુટુંબકી પ્રીતી મસાન લો, આગે નાહીં
ડગ એક ભરેગો. ૧ દાસ હરિ દુખ કોઉ ન મેટત,
જેહી સમેં જમ દેખ ડરેગો; રામ ભજે ન સબે
તજી મુરખ, લાજહિ લાજમેં નરક પરેગો. ૨

દોહા.

કાહા કરોયે કાહા જોરોયે, થોરે જીવન કાજ;
છોડ છોડ સબ જાતહે, દેહ, ગેહ ધન રાજ. ૧
તીન દીનકો જીવનો, જેસો સ્વપ્ન વિલાસ;
તાપર બાગ લગાયકે, ફલ ચાખનકી આશ. ૨
ઘર ન્યારે મગ એક હે, મિલ્યો વટાઉ વાસ;
ભાવે અંબહી બીછરો, ભાવે કોસ પચાસ. ૩
એક દિન લોગ કુટુંબશું, આંખ બિછુર ન હોય;
તાતે હમ પહિલે તજે, સદા ન જીવે કોય. ૪

કવિત.

ઠગકેસે લાડુવાજું, ચાખતાહી મીઠે હોત;
એસેહિ સંસાર ભોગ, પિછે પછતાયોહે. ૧
મારિવેકો ગરદન, બજાયે ઢોલ લિયે જાત;
ચોરને મિઠાઇ ખાઇ, કોન સુખ પાયોહે. ૨
કસાઇકો બકરો જ્યોં, બકરીશુ પ્રીત કરે;
પ્રાત ગલો કાટવેકો દ્રષ્ટીમેં ચહાયોહે. ૩
તાતેં હરીદાસ કહે, કાલકો પશુ હે જીવ;
કહા ભયો દિન ચાર, આછો ઘાસ ખાયોહે. ૪

દોહા.

ચુગો દારી મારત આજ, બહુ ડર લાગત મોહી;
વિષય ભોગ તો કીજીયે, જમકો ત્રાસ ન હોઇ. ૧

સવઇયા.

કિંચિત ઇંદ્રિ વિષે સુખ લે કરી, અંતકી બેર મહા
દુખ પાઉં; દાના ચુગાયકે પાંખ મરોરત, એસે ચુગેપર
કબહુ ન જાઉં. ૧ જે સુખ તે દુખ ચોગુનો હોતહે,
તે સુખકે મેં નજીક ન આઉં; યોં હરિદાસ કહે
સુન સજ્જન, ના ગુડ ખાઉં ન કાન છેદાઉં. ૨

દોહા.

વર્તત ઇંદ્રી અધિક જ્યોં, ઉપજે વિષય વિશાલ;
જેસે આહુતી હોમતે, ઉઠત સવાઇ જ્વાલ. ૧
કામાગ્નીજ રતી રહત, નિશદિન ફુકત કાલ;
મન ડારત સંકલ્પ ત્રણ, બાદત તૃષ્ણા જ્વાલ. ૨

કુંડળિયા.

ભાવે ચાખો એક દીન, ભાવે વરસ હજારે;
વિષય રસ અંત ન આવેહી, જો જુગ જાય અપાર;
જો જુગ જાય અપાર, વિષય રસ અંત ન આવે;
લોચન તૃપ્ત ન હોત, વરસ સત રૂપ દેખાવે;
રસના તૃપ્ત ન હોત. વરસ સત સ્વાદ લેવાવે;
મુખંહિ તૃપ્ત ન હોત, વરસ સત ભોગ ભોગવે;

હરીદાસ ઘૃત અગ્નિ જયોં, તૃપ્ત ન ઈંદ્રીદ્વાર;
ભાવે ચાખા એક દીન, ભાવે બરસ હજાર. ૧

દોહા.

માયા રૂપી જાલમેં, પરો જગત સબ આય;
જો છોડે હરિ પારધી, તો કોઇક છુટે જાય. ૧
એક બાંહુ રસના ગ્રહી, દુજે મેહુ આય;
જીયકુ કરિકે પાડીનો, નરક ધામ લે જાય. ૨
કામ બિસારત રામકુ, ક્રોધ કરે તપ ઘાત;
લોભ દેખાવત નરકકુ, બાંહ પકર લે જાત. ૩
વે નર જીત નાહીં મરે, તોષે નાહી જગદીશ;
પેટ ભરનકે કારને, ફિરત નમાવત શીશ. ૪

સવઈયા.

પેટહીકે લિયે પાય પલોટત, પેટહીકે લિયે ખોવત લાજા; પેટહીકે લિયે નાચત કૂદત, પેટકે કાજ બજાવત બાજા. ૧ પેટહીકે લિયે શીશ નમાવત, સૂમકુ કહતહે ગરીબનવાજા; જો હરિદાસ સંતોષ ભયા તબ, જેસોહી રંક ને તેસોહી રાજા. ૨ લાભ સોહી હરિ નામ જપે અરૂ, હાની સોહી હરિકુ વિસરાવે; સ્વર્ગ સોઇ હરિ શરન ગહે અરૂ, નર્ક સોહી હરિ ભકિત ન ભાવે. ૩ સિદ્ધ સોહી હરિ ધ્યાન ધરે અરૂ, બુદ્ધિ સોહી હરિ નિશ્ચે કરાવે; હારે સોહી હરિ રૂપ ભજે, હરિ દાસ સોહી હરિકુ જ્યું રિઝાવે. ૪ સૂર સોહી નિજ કામ

જશું જીવત, વીર સોહી મન ખાધિક લાવે; જ્ઞાન સોહી સબમેં બ્રહ્મ દેખત, ધ્યાન સોહી કછુ ઓર ન આવે. ૫ રાગ સોહી જાશુ રામ રીઝે, વિરાગ સોહી વિષયા વિસરાવે; વાસ સોહી જાહાં ભય નહિં લાગત, દાસ સોહી હરિકે ગુન ગાવે. ૫

કવિત.

ધ્યાનકી કમાન બુદ્ધિ મન તરકસ તીર;
જ્ઞાનકે તુરંગ ચઢી, બ્રહ્મલોક ધાયેહે. ૧
ધિરજ લગામ, ક્ષમા પાખર વૈરાગ જીન–
સે જમકે પાગરેમેં પગ ઠહરાયોહે. ૨
કવચ વિચાર પ્રેમ, ચાવક વિવેક ટોપ;
સંતોષકી ઢાલ શુભ, પરશુ લગાયો હે. ૩
કહે હરિદાસ હરીનામકો ખસુગ લિયે;
એસો અસવાર દેખી કાલહુ ડરાયોહે. ૪
કામ નાહીં ક્રોધ નાહીં, લોભ અહંકાર નાહીં;
માયા નાહી મોહ નાહી, મિથ્યા નાહિ વાદ હે. ૫
આશા નાહી ત્રશ્ના નાહી, વાસના ન ભોગકી જું
નિંદા નાહીં જુઠ નાહીં, ઇંદ્રિકો ન સ્વાદ હે. ૬
કપટ કઠોર નાહીં, ઇરષા ન દંભ કછુ;
હિંસા મદ માન નાહીં, પાપ ન પ્રમાદ હે. ૭
સાધુ સાધુ સબહીકુ, કહત હરીદાસ કહે;
એતે ગુન જામેં હોય, તાકો નામ સાધુ હે. ૮

મારૂતસેં ન્યારે, ઓર આકાશસેં અસંગ સદા;
પાવકસેં તેજવાન, ચંદ્રસે સુધારજુ. ૯
ધીર માહા ગીરસેં, ગંભિર ઓર સમુદ્ર જેસે;
હરિસે પવિત્ર ઓર, પૃથ્વીસું ભારે જું; ૧૦
શિષ્યસેં અમાની ઓર, જ્ઞાની બડે ગુરૂ જેસે;
પ્રભુસેં દયાલ પ્રેમ ભકતીનકે પ્યારે જું. ૧૧
એતે ગુન જામે હોત, તાકો નામ માંપુરૂષ;
ઓર હરિદાસ કે', પુરૂષ ના વિચારે જું. ૧૨
ઉધ્ધવસેં પ્રેમી ધર્મ પુત્રસેં વિરાગ્યવાન;
વિદુરસેં સત્યવાદી, ભર્તસેં વિરકત હે. ૧૩
વ્યાસસેં દયાલ, સુકદેવસેં હે પર્મહંસ;
નારદસેં કારૂણીક તારન જગત હે. ૧૪
શંભુસેં ઉદાર સમદરશિ વિરંચી જેસે;
વિષ્ણુસેં સરણ દેવ, વસિષ્ટસેં મુકત હે. ૧૫
સૂર્યસેં દાની ઓર, ગુરૂ સનકાદી જેસે;
સોઇ હરિદાસ કહે, હરીજુકે ભકત હે. ૧૬

સવઈયા.

શ્રીમદ તજ્યો દોજરાજ સુદામાજુ, મોહ તજ્યો સુક-
દેવ સુ પ્યારે; સંશે તજ્યો પ્રલ્હાદકિ ભાંતિજુ, દ્વેત
તજ્યો ધર્મ પુત્ર જો ભારે. ૧ ક્રોધ તજ્યો પર્શુરામકે
તાતજો, કામ તજ્યો જેસે કર્દમ પ્યારે. માન તજ્યો જેસે
રાજા ભગીરથ, તાહીકો નામ હે જ્ઞાની બેચારે ૨

કવિત

દયા ભક્તિ ધીરજતામે, જડભર્ત જેસે સોહી;
હરિદાસ કહે, માહા પુરૂષને ગાયો હે. ૧
ખંડ પતિ માન ઓર, જ્ઞાનકો ગુમાન નાહીં;
તપહુકે તેજ કરી, કામના જરાયો હે. ૨
દેહહુતે ન્યારે દુઃખ, પાછે પેડ ડારિ દિયો;
અસ્તો તે ન ડર્યો નિજ, રૂપમે રહાયો હે. ૩
પાલખીકો પકરે સો, પાલખી ઉઠાય ચલે;
વિને કરી તવે પુની, બ્રહ્મહી દિખાયો હે. ૪
જબ હોત બ્રહ્મ જ્ઞાન, તબ બ્રહ્મ ભાગી જાત;
જેસે જડભર્તકો, ચરિત્ર વ્યાસ ગાયો હે. ૫
જવોં અન્ન ભાભીને, જેવાયો તવ શોક નાહિં;
ખીર ખાંડ મિલિ તવ, હર્ષહુ ન પાયો હે. ૬
ચોરને ગહાયે હે, ભવાનીકે ચઢાવવેકુ;
કાઢી તરવાર તવ, નેક ન ડરાયો હે. ૭
કહે હરીદાસ હરિ કૃપા કરી રાખી લિયો;
તાહુકો ગુમાન કછુ, મનમે ન આયો હે. ૮

સવઈયા.

શોક કરે વિન જ્ઞાન કે લોક, કહા ગયો બંધુ કિયો એકલો હે, જ્ઞાનીકુ શોકકો લેશ ન લાગત, આનંદકો અરબિંદ ખુલ્યો હે. ૧ દાસહરિ કબહુ કોઉ દેશમે, છોડી આકાશ આકાસ ચલ્યો હે; બ્રહ્મ વિના દુસરો

નાહીં કો બિછુર્યો અરૂ કોનસે આય મિલ્યો હે. ૨

કવિત.

લોભ તે લબાર અરૂ, ક્રોધ તે કુચેત ચિત;
કામ તે કાયર, કુબુદ્ધિ તે કંગાલ હે. ૧
દ્રોહ તે મરત અરૂ, વાસના તે જન્મ લેત;
હંકાર તે બદ્ધ અરૂ, માન તે બિહાલ હે. ૨
એતે ગુન ગહે યહ, જીવ હરિદાસ કહે;
એતે ગુન છાંડી દીયે, બ્રહ્મ દિશા લહેહે. ૩

સવઈયા.

જ્ઞાનીકો માન ગુમાન ગયો, અહંકાર ટર્યો ભયો દેહ તે ન્યારો; નિચ કહો કોઉ ઊચ કહો, જડ મુઢ કહો કોઉ ચોર ઠગારો. ૧ નિંદહુ વંદહુ ચંદન ચરચાહુ, હરખ ન શોક સદા સુખ કારે; યોં હરિદાસ કહે હરિકે રંગ, આઠહુ જામ ફિરે મતવારે. ૨

કવિત.

કબુ પટલીન કબુ, કંથાહિ પહેર લેત;
કબુ ફલ ફુલ કબુ, મોદક અથાનો હે. ૧
કબુ પત્ર શાક કબુ, શાકહુમે લોન નાહિં;
કબુ ભઈ નિંદ્રા કબુ, વિસ્નુ જયો બખાન્યો હે. ૨
કબુ સુખ સજ્યા કબુ, ધુરી લપટાનો અંગ;
કબુ લહયો માન, અપમાન અતિ પાયો હે. ૩
કહે હરીદાસ કછુ, જ્ઞાનીકુ ન હર્ખ શોક;

દૈવ જોગ હોત સબ, એસો ચિત આનો હે. ૪

સવઇયા.

કોઇ સમે બુદ્ધિ માનમે દીપત, કોઇ સમે જેસો બાઉરો ડોલે; કોઇ સમે ચર્ચા ન ચલાવત, કોઇ સમે પ્રતિ શબ્દહી બોલે. ૧ કોઇ સમે દસ પાંચમેં બેઠત, કોઇ સમે રહી જાત અકેલે; દાસ હરિ કોઉ આસે ન પાવત, જ્ઞાની અનેક કળા ધરી ખેલે. ૨ જાનત હે સ-ર્વ શાસ્ત્ર કે અર્થકુ, જાત અજાન ભયો દરશાવે; બાલ ક મુક જથા જડ ડોલત, માન ગુમાન સબે મીટી જાવે. ૩ મત્યુ વિલાપ સુને નહિ સોચત, વ્યાહ કે ગીતમે હર્ષ ન પાવે; દાસ હરિ વસમે નહિં કિચિત, આતમકો અનુભવ જબ આવે. ૪ બાહોર ભીતર ઓરહી ચિન્હ ન, સો જગમે કછુ નાહિ પિછાને; ભેખ અનેક અરૂ એક ન દીસત, વરનન આશ્રમ કર્મ ન ઠાને. ૫ બાલક મુક યથા જડ ડોલત, ભત લગે જેસો હોત દિવાને; દાસ હરિ કોઉ આસન પાવત, જ્ઞાનિકો બાત સો જ્ઞાનિહી જાને. ૬

દોહા.

જ્ઞાની મિથ્યા જગતકો, સુખ ચહત વ્યવહારી;
જ્યોં સસરાકો મરન સુનિ, રોવત ભયે સસુરારી.

સવઇયા.

જો કોઉ કે ગહ પાહુનો આવત, જાનત હે દિન

એક રહાહીં; જો કોઉ વાટ વટાઉ કે હે ઘર, પ્રાત ઉઠે વહુ છોડી કે જાહી. ૧ જો કોઉ બેઠ વસોવસ આરકે, કૃત્ય બનાવે પે ચિત ન તાંહી; યોં હરિદાસ ઉદાશ ભયો નિત, જ્ઞાનિ વ્યોહાર કરે ઘર માંહી. ૨ જયોં કોઉ કંપન વાયુસુ કંપત, જયોં મદિરા વશ બોલત માની; જ્યોં કોઉ વાત કરે સનિપાતમે, તાહીકુ માનત હે શુધ બાની. ૩ એસે અવિદ્યા નચાવત જીવકુ, જેસેહી પ્રેરત અંતરજામી; યોં હરિદાસ વિચારો વિસારી કે, કોઉમેં દોષ ન દેખત જ્ઞાની. ૪ પ્રીતી લગી પુરષોતમશું તવ, ભુલી ગયો બકવો અરૂ હાંસી; રોમહી રોમ રમ્યો રઘુનંદન, ટાર દઇ માનુ પ્રેમકી ફાંશી; આઠહુ જામ કરે તપ સાધન, આઠહુ જામ ગંગા અરૂ કાશી; યોં હરીદાસ કહે સુખ સાગર, આનંદ કંદ મિલ્યો અવિનાશી. ૬ જાગત રામહી સોવત રામહી, રામ રચ્યિ જગ બા૭ પરી હે; સ્વાસઉ સ્વાસ ત્રશા જલ પીવત, રાત દીવશ વસ્યો જુ હરી હે. ૭ ઉઠત બેઠત ગાન કરે પ્રુની, જોવતહી વિસરે નપરિહે; યોં હરીદાસ કહે રસના પ્રતિ રામહી રામ રહયો જુ ભરિહે ૮

કવિત.

બડે બડે સંત અરૂ, વેદહુ પુરાણ કહે;
હરિ હરિ નામ સુધા, તું તો રસ ચાખુરે. ૧
કામ છાંડી ક્રોધ છાંડી, લોભ અહંકાર છાંડી;

માન છાંડી મોહ છાંડો, સત્ય સત્ય ભાંખુરે. ૨
કહે હરિદાસ જહાં, જમહુકો જોર નાહીં;
મનરૂપી હાથી હરી, મારગકુ હાંકુરે. ૩
રામ નામ લેત કછુ, ખરચી ન લાગત હે;
એક ધરો રસના તું, ખાલી મતી રાખુરે. ૪

સવઈયા.

જો દિન રાત કછુ શ્રમ કીજે તો, ચોરિકે પાંચ ટકા જુ કમાયો; જો છિન એક જપે હરિ નામ તો, કોટીક યજ્ઞ કો પુન્ય બતાયો. ૧ જો મન ધ્યાન ધરે વિષયાદિક, સો કરૂ મોહ ઉભે ફૂલ પાયો; દાસ હરિ નર એસો હે મુરખ, કાચકી લાલચ લાલ ગમાયો. ૨

કવિત.

સ્વાસકે વિસ્વાસ કહા, પલમે નિકસી જાત;
સુત્ર કેસો તાર જેસે, તુટી જાત કાચો હે. ૧
માથે ધરી કુંભ કોઉ, નીકસે બજાર બીચ;
કાહુ કો ન ધકો લગો, તહાં લગી સાચો હે. ૨
કંઠ પ્રાન આયે કફ, વાત પીત રોકી લેત;
પુછત હે કોઉ તો, જવાબ નાહિ પાછો હે. ૩
તાતે હરિદાસ કહે, હરિજુકો નામ હમ;
આજહુ તે લેત હે જહાંલો દેહ આછો હે. ૪

સવઈયા.

સંત ચલે સોઇ પંથ લીયો, અવતારક નાથ કરે

સોહી હોઇ; યામગ જાત જો હોય સો હો અવહુવો ગતિ સોહ મરો ગતિ સોઇ. ૧ જો ઉનને સત મંત્ર જાપ્યો અવ સો ગુરૂદેવ સીવાયો હે મોહી, દાસ વિસ્વાસ ગ્રહો હરી નામ કો નામ વિના ઓર મંત્ર ન કોઇ. ૨ નામ લિયે હરિ આતુર હોત હે, ચોકી પરે મોહી કોન બોલાવે; જેસે ભુજંગ મહા વિષધારી; સો મંત્રકો બાંધ્યો પાતાલ તે આવે. ૩ યોં હરિદાસ અહો નિશ અંતર એક હરિ હરિ રૂપ બસાવે; નામહિ મંત્ર મીલાવત રામકો, જો કોઉ કાહુકો બાંધિકે લાવે. ૪

કવિત.

રામનામ જાનવેકુ, અગમ પુરાન કહે;
રામનામ જાનવેકું, ગીતાહી પઢાયો હે. ૧
રામનામ જાનવેકું, છંદ પ્રબંધ કીયો;
રામ નામ જાનવેકું વેદહું બતાયો હે. ૨
રામનામ જાન્યો તીમેં, સરવકો અર્થ પાયો;
રામ રામ યોહી રટી, રટના લગાયો હે. ૩
રામ નામ સબહી મેં, સાર હરિદાસ કહે;
શબ્દ સમુદ્ર પેઠી, રામ રત્ન પાયો હે. ૪
ચેતન્ય અખંડ જહાં, યોગિન કે ચિત રમેં;
ઘટ ઘટ જ્યોતી જાકી, તાતેં કહયો રામ હે. ૫
અજામેલ ગીધ અરૂ ગિનકાકુ તારે જિન;
પ્રહ્લાદકી વારે ધાયે, સોહી રામ નામ હે.

સોહી રામ તારક, ઉમાકો ઉપદેશ કર્યો;
શંકર લિખ્યો હે કહ્યો, વોહી સુખધામ હે. ૭
પુની હરિદાસ કહે, કાસીમે તજત પ્રાન;
કાનમે સુનાવત સો, પુરે સબ કામ હે. ૮

દોહ્રા.

ઇશ્વરમે મન જોરીયે, જગમે તે ઉદાય;
યેહી અબ સબ ગ્રંથકો, સુનિ સમઝુ મન લ્યાય.

(ઇતિ શ્રી હરીદાસજી કે સંક્ષેપે સંપુર્ણ.) -

કવિત.

જહાં કછુ બોલવો ન ચાલવો ન ઢંગ દાસ,
સાજી મત બાજે નહિં, ઉહાં કહા કહીયે. ૧
કોઉ કછુ કહીયે નાહીં, કહીયે તો સુને નાહી;
સુને કહે અઇસે જેસે, રૂઠિ રૂઠિ રહે હે. ૨
આપહુકી ખેંચે બાત ઓર બાત કુટ મારે;
ભલે બુરે સમે જહાં, ટકે સેર લહીયે. ૩
રામ રામ કરો કે, બીદાયહુ જૈ જસુરામ;
એસી સભા બિચ ઘરી એકહુ ન રહીયે. ૪

કવિત ૨ જું.

જસકો સવાદ જો પે પરાયનકે કાન સુને;
રસકો સવાદ જોપે હરિ ગુન ગાઇયે. ૧
બાનીકો સવાદ બુરો બોલિયે ન કાહુ સાથ;

સંપતી સવાદ સીર સાધનપેં નાઇએ. ૨
ઘરકો સ્વાદ જોપેં ઘરની મન લેપ રહે,
દેહકો સવાદ જોપેં નિરોગી પાઇયે. ૩
કિર્તિકો સવાદ જોપે, આપનો નિવાહ હોત;
વૈખાવેકો સ્વાદ જોપે, ઓર દુઃખ પાઇયે.

કવિત ૩ જું.

ચંદહી ચકોર દેખ, કેતકીમાં ભમર રહે;
કાંટીસેં ડરત નાહિ, એસો પ્રીત પ્યારી હે. ૧
લોક કહે કારો કાહાન, દેખત ગુમાન ભર્યો;
વાકી સામતાઇ, માહા લાગત ઉજારો હે. ૨
મનકી અટક કહાં, રૂપકો બિચાર કહાં;
રીઝવેકી બુઝ બાત, ઓર કછુ ન્યારી હે. ૩

સવઇયા.

મોર લવે ઘનઘોર કીસોરસેં, મીન મરે બીછરે જળ સંગી; દોલત ચાહત બુધકે કારણ, કેતકી ચાહત ભમર ભોરંગીં; ચંદકી ચાહ ચકોર કરે નીત, દીપક દેખી જરે જ્યું પ્રતંગી; એક ચહે અરૂ એક ન ચાહત, દોનુ જરો એહી પ્રીત એકંગી.

કુંડળીયા.

રામ રૂપઇયા રોક હે, ખરચ્યા ખુટત નાહીં;

સાહેબ સરીખા સેઠીયા, બસે નગરકે માંહી.
બસે નગરકે માંહી, હુંડિયાં ફિરે ન પાછીં;
કયા પૈસેકી પ્રોત, પ્રોત સતગુરૂકી સાચી.
કહે દીન દરબેશ, ઇશ્વર અધિક ઉપઇયા;
ખરચ્યા ખુટત નાહીં, રામ હે રોક રૂપઇયા. ૧
મનવા ચટપટ ચેતજે, આળસ મુકી અજાણ;
કાયા માયા કારમી, પર આધીન છે પ્રાણ.
પર આધિન છે પ્રાણ, બગડશે સઘળી બાજી;
પડશે કોઇ પલ માંહી, તનું દુરબળ કે તાજી.
કહે છોટમ કરતાર, જપીલે ઝટપટ જનુવા;
આળસ મુકી અજાણ, ચેતજે ચટપટ મનુવા. ૨
ઝાઝુ ન કરેશ જીવરા, મોહ લોભ અભિમાન;
કોય તૃપ્ત થયો નથી, સ્વપ્ને ભોજન પાન;
સ્વપ્ને ભોજન પાન, ગયા એવાને એવા;
વસમા વૈભવ વાન, રાય જે રાવણ જેવા;
કહે છોટમ એ સત્ય, ભજીલે કરતા કાજુ;
મોહ લોભ અભિમાન, જીવરા ન કરેશ ઝાઝુ. ૩
બાજીમાં રાજી થયો, ખોટો અંતે ખેલ;
બાતી ત્યાંજ લગી બળે, તલભર પોહોચે તેલ;
તલભર પોહોચે તેલ, વળતુ વળે અંધારૂં;
ચેત ચેતરે ચીત, સમજી લે સુકૃત સારૂ;
કહે છોટમ પ્રમાણ, કયે પંડીતને કાજી;
ખોટો અંતે ખેલ, થયો બાજીમાં રાજી. ૪

બાગ બનાવી અવનવી, કોણ સમરથ કરતાર;
ખીલેલાં સઘળાં ખરે, નીપજે નવાં અપાર;
નીપજે નવાં અપાર, ફળે કોઇ નિષ્ફળ રહે છે;
સ્થીર ચરતરૂ સંસાર, સમજ શું શોક કરે છે;
કહે છોટમ થા ધીર, થશે ઇશ્વરનું ભાવી;
કો સમરથ કરતાર, અવનવી બાગ બનાવી. ૪

—:o:—

સુમ લક્ષ્મીનો સંવાદ.

દોહા.

કાલુ કહે સુન લછમી તું, સુમ ઘર કયું જાય;
ગ્યાની, દાતા, સુરમાં, તુજકુ કયું ન સોહાય. ૧

લક્ષ્મી કહે છે.

ગ્યાનીકે મન તુચ્છ હું, ઓર દાતા દે પરહાથ;
સુરા ઘેર રંડાપણું, સો કાયર કરપણ સાથ. ૨

સુમ કહે છે.

કુંડળિયો.

સુમ કહે સુન લછમી તુ, મરત બેર મેરીસંગ ચલ;
કીયા કશાલા પેટભર કબુ ન ખાયા અન;
નંગો તનમાં રહયો, લોક દુરિજન હસાયા;
ચોરા લેન ન દઇ, નીંદભર કબુ ન સોયા;

તેરો ધ્યાન લગાયકે, દાન દીયો ન એક ફુલ;
સુમ કહે સુન લછમી તું, મરત બેર મેરી સંગ ચલ.

લક્ષ્મીં કહે છે.

સોરઠા.

સંગ જીસીકે ચલું, ખરચ ઓર ખાયા, ખીલાવે;
દે સાહેબકો નામ, પુન્ય પુરબલે પાવે. ૧
ખડે ખડે મુનિજન દેવતા જીન પાર ન પાયો;
સુરમુનો કહે સુમકુ લછમી કોઇ પિતા સંગ સતી સુની. ૨

———:o:———

નરભેરામ મહારાજના

બનાવેલા છપ્પા.

કલ્યાણ પામવા કાજ, કષ્ટ કાયાને દે છે;
કલ્યાણ પામવા કાજ, ઊંધે મસ્તકે રહે છે;
કલ્યાણ પામવા કાજ, કંઇ જાણ કાશિયે જાયે
કલ્યાણ પામવા કાજ, ભેરવ જવને કંઇ ખાયે.
ઉનાળે અગની સેવતા, ચોમાસે પાધર રેહેછે;
શિયાળે હિમાળે ચઢે, કષ્ટ કાયાને દે છે;
કલ્યાણ પામવા કાજ કંઇ ઘણાજ ખરચે દામને;
કહે નરભો સહુથીસહેલ છે, જો રટે નિરંતર રામને. ૧

કલ્યાણું પુરવમાં રહયું, જાય છે પશ્ચિમ દેશે;
સોધે છે કલ્યાણ, ધરીને વિધવિધ વેશે;
લક્ષ ચોરાશી ફર્યો, દેહ વિધવિધના ધરતાં;
ઉંચ નિચ કુળ આવિયો, વળી અવતરતાં મરતાં;
સાત સાહેરથી ચોધણું પીધું પયોદ્દર ઉભે ગળે;
કહે નરભેરામ ભજન વિના, કલ્યાણ લખ કોસવેગળે. ૨

(જેને) રામ ભજનનો સ્વાદ તે રંગ અમલમાં માતા;
રામ ભજનનો સ્વાદ તે પ્રેમ મગન થઇ ગાતા;
રામ ભજનનો સ્વાદ, ફિકો સંસારજ પડિયો;
રામ ભજનનો સ્વાદ, તે રામ ભજનમાં અડિયો;
જેમ મુગે ખાયો ગોળ તે મકલાય પણ શું વખાણશે;
તેમ નરભો સ્વાદ ભજન તણો જે કરશે તે જાણશે. ૩

જાણ્યો કાશીનો પંથ, ન જાય કોઇની સાથે;
નિત્ય નિશાળે જાય, કરે નહી એકડો હાથે;
તે નર લહિયો કેમ થાયે, પેલો ગંગા કેમ પામે;
કરે ઓસડનાં વખાણ, વણ ખાધે રોગ ન વામે;
માટે રામ રટણ કરો, શું કહીએ ઝાઝું કથી;
કહે નરભો રામ ભજન વિના, કલ્યાણ કોઇ રીતે નથી. ૪

લખતાં લહીયો નીપજે, કરોડે હીસાબમાં પેસે;
મોંઢે હીસાબ મેળવે કકો ઘુંટવા કુણ બેસે;
દધીને મંથન કરે, માખણ અમૃલખ લેવા;
મથે શાસ્ત્ર પુરાણ, તે રામ ભરસો રેહેવા;

એમ તત્ત્વ ત્રણુ લોકમાં, રામ રટવાનું નામ છે;
કહે નરભો જીભે ચડ્યો, તો ડહાપણનું શું કામછે. ૫

જેને જડિયા રામ, તેને ભાગ્યશાળી કહીયે;
જેને જડિયા રામ, તેને ધનવંતો કહીયે;
જેને જડિયા રામ, તેણે સહુ તીરથ કીધાં;
જેને જડિયા રામ, સાર શાસ્ત્રના લીધા;
જેને જડિયા રામ, તેથી જમ કિંકર હારશે;
કહે નરભેરામ ગુરૂથકી, અજામેલ પેઠે ઉગારશે.. ૬

બહુ નાણું મળે શું થયું, જો રામ રંગ નવ લાગે;
બહુ નાણું મળે શું થયું, ભય જમનો નવ ભાગે;
બહુ સગાં મળે શું થયું, પુત્ર પુત્રી ને વાડી;
કફ પિત ગળફો ગળે (રહે), કોઇ શકે નાહીં કાઢી;
જમનો માર જ્યારે પડે, ત્યારે આડો કોણ આવશે;
કહે નરભો શોધી જુવો, નાણું કે નાર મુકાવશે? ૭

જેને રામનો રંગ, તે મદગળ થઇને ઝુલે;
જેને રામનો રંગ, તે ભાન દેહીનું ભુલે;
જેને રામનો રંગ, તદાકાર વૃતી થાયે;
જેને રામનો રંગ, તે રામ રૂપ થઇ જાયે.
રામ રામ રટણ કરો, શું કહીયે ઝાઝું કથી; —
કહે નરભો રંગ જો રામનો, તો કશી વાતે કાચું નથી.૮

તીર્થ સર્વમાં સાર, ગંગા ત્રીવેણી ભારી;
વ્રત સર્વમાં સાર, વ્રત એકાદશી ધારી.

નાણું સર્વમાં સાર, હીરા મણીને જાણો;
સાધન સર્વમાં સાર, રામ રટણ પ્રમાણો.
એમ તત્વ ત્રણે લોકમાં, રામ રટવાનું નામ છે;
કહે નરભો રામ જીભે ચઢ્યા, તો ડાહાપણનુ શું કામછે.૯

જગત ભૂખ્યુ જાણ, જે અમૃત અહાર કરે છે;
બીજુ ભુખ્યુ જાણ, જે વંશની આશા ધરે છે.
ત્રીજુ ભુખ્યુ જાણ, જે નારીમાં ચિત અડે છે;
ચોથુ ભુખ્યુ જાણ, જે વાંક જાર પડે છે.
પાંચમુ ભુખ્યુ જાણ, જે ઘણાક ભુખ્યા દામના;
કહે નરભેરામ ગુરૂ થકી, જવલે ભુખ્યા રામના. ૧૦

રણ રણ સહુ કરે, રેણી દિન ધનને ધાતા;
રામ રટણ નવ કર્યું, તો નથી કાંઈ કમાતા.
મરવું તો છેજ નિદાન, કુણ રંકને કુણ બળિયો;
લખપતી કરોડપતી બહુ માટીમાં મળિયો.
કૈરવ કંસ ગરદો થયા તે ભોગી દામને ચામના;
કહે નરભેરામ ગુરૂ થકી જવલા ભોગી રામના. ૧૧

મોતી માણેક પારખે, નજર જેની છે ઉંચી;
નાણું કોઈ પારખે, જેવિ જડિ જેને કુંચી.
હીરા પારખુ હોય, તેજ હીરાને જાણે;
મુરખ નર જે હોય, તે પથ્થર તુલ્ય પ્રમાણે.
સર્વે સરખુ હોય નહી, તે સંશય મન રખે આણતા;
કહે નરભો મહીમા રામનો તે નર જવલા જાણતા.૧૨

કરે અપ્રીતનો આહાર, જોર જરનું બહુ આણે;
ડાહયો શાણો સહુ કહે, પાંચમાં વાત પ્રમાણે.
રૂપે કામથી આગળો, લોપે નહી કંઇ માઝા;
ગુણ માંહે છે અનેક, વાત પુછી કરે રાજા.
એવું સુખ અતુલ્ય છે, પણ રામ રટણ નહીં મુળમાં;
કહે નરભેરામ ગુરૂ થકી તેનો મનખ્યો ગયો ધુળમાં.૧૩
ભઠ પડયો અવતાર, જે રામ રટયો નહીં પાજી;
ભઠ પડયો અવતાર, જે તાકે નારીયો તાજી.
ભઠ પડયો અવતાર, જારમાં મનડું જડીયું;
ભઠ પડયો અવતાર, જે વેર રામશું પડીયું.
ધિઃક જનુની તેહનો ધિઃક જયારે એવો ઘડયો;
કહે નરભેરામ ગુરૂ થકી, ધિક મનખ્યો છુટી પડયો.૧૪
રામ ભજન મુકીને, બીજુ સાધન જે લેવું;
તે નિશ્ચે જાગુજો, સ્વપ્ને પકવાનના જેવું.
રામ ભજન મુકીને, બીજુ સાધન જે માગે;
સ્વપ્નના પકવાનથી, ભુખ કાંઇએ નવ ભાગે.
રામ ભજનને મુકીને, બીજું સાધન જે ચાહે છે;
કહે નરભો અમ્રત તજી, તે ખડધન ખાણું ખાય છે.૧૫
રામ નામ પ્રતાપ, પાણિપર પથ્થર તાર્યા;
રામ નામ પ્રતાપ, અનેક અધમ ઓધાર્યા.
રામ નામને કાજ, શીવ મશાણને સેવે;
નારદ સનકાદિક, તે નામ નિરંતર લેવે.

ગ્રં ફેણા છે શેશને, બબે જીભે નથી હારતા;
કહે નરભો રે મુઢ માનવી, શ્રી રામનામ વિસારતા. ૧૬
સોહંગ શબ્દ ઝાલ્યો નથી પ્રહ્‌લાદ ભજનપર આવ્યા;
રામ રટણુ તો કરયું, કોટિને રામ જણાવ્યા.
જર અગ્નિને ઝેર, અરયું નહીં ભજને મ્હાલ્યો;
પરવતથિ પટતો નાખિયો, તો ભોમિમાં થઇને ઝાલ્યો.
પછી સ્થંભ ફોડીને નીસર્યા, પટી નહીં દીવે બત્તી;
કેહે નરભો સોહંગ શું કરયું મારે ભવોભવ સતીપતી. ૧૭
વાતો કરો કરોરા તણી, કરારે મુખથી ગાજી;
કોડી કમાયા વિના, ન તોળે કાછીયો ભાજી.
વાતોએ પદવી પામવી, અભેપદથી તે સારી;
સોહંગ શબ્દ થાય છે, ભજન તે પામે ભારી.
પણ સોહંગ તો સઘળે રહયો, હાથી ઘોડાને ઊંટમાં;
કહે નરભેરામ ભજન વિના, કહો કોણ ગયો વૈકુંઠમાં. ૧૮
વિધી રૂદ્ર ને દેવ, મનુષ્યનો જીવ કર્યો છે;
નેત્ર પલકારા એકમાં, ચૌદે લોક ભર્યો છે.
કો ધણી પ્રગણા તણા, પટલ કો ગામડે રહે છે;
રામ બેઠા આ લોક, હિસાબ સહુના લે છે.
હજુરી ચાકર રામના, જેહ કોઇ ખાસા હશે;
કહે નરભેરામ ગુરૂ થકી, તે ગાંજ્યા કોના જશે. ૧૯
સરસ્વતિને પ્રતાપ, કોટી જીહ્યાએ થાએ;
રામ રટણનો લાભ, શેશે વરણ્યો નવ જાએ.

રટ્યા રામ પ્રહ્લાદ, (તો) અનેક વિઘનથી રાખ્યો;
જર અગિન ઝેર અડ્યુ નહીં, તે શાસ્ત્ર પુરાણે સાખ્યો.
નવધર નવલખ સત સહીત, રામ રટણને ઉચરે;
કહે નરભો જુઓ ધ્રૂવની, સૌ પ્રદક્ષણા પ્રીતે કરે. ૨૦
કૃપા આપો મને કૃશ્ન, જ્યાંહાં ભુતળ દેહ ધરીયે;
કોટી મનુષ્ય કહ્યુ કરે, ને રામ રટણ ઉચરીયે.
મારી દ્રષ્ટી શ્રી રામપર, રામ દ્રષ્ટી મુજપર રાખો;
(રામ) રટુ રટાવું સર્વને, તમે ગુરૂ થૈને દાખો.
અન વસ્ત્ર આભરૂ આપજો, હું પદ હરદે નવ ધરૂં;
કહે નરભો મુક્તી રાંડ્યા તણી, તેને લઇને શું કરૂં. ૨૧
માંડેલી નારૂ માણે શણગાર ધરે મન ભાવે;
રાંડિ કાજળની કુંપળી, તે પણ કામ ન આવે.
કાયર તો ખુણે જશે, રાંડી જેમ સેલું ઓઢે;
હોય સુરો રણ ચઢે, દાંત હાથીના તોડે.
એમ ભકત આવે સંસારમાં, માણે જપે સીતાપતી;
કહે નરભેરામ ગુરૂ થકી, એ કાયરને સુખ કયાં થકી. ૨૨
ગર્ભમાં રામને રટ્યા, જનમિયો રામ ઉચરતાં;
વાત બિજી નવ રૂચે, રામ રટું હરતાં ફરતાં.
સ્વાસો સ્વાસે રામ, ધ્યાન ભજન બહુ ભાવે;
જનમથી મરતાં લગી, બીજી રૂચી ન આવે;
મા બાળકને જાળવે, એવું રક્ષણ મુજપર રાખજો;
જન નરભાને ગુરૂ થકી, ભક્તી ભવોભવ આપજો. ૨૩

કલ્યાણ પામવું હોય, રજનિ દિન હરી રસ ચાખો;
રૂપ રંગ રામનો, તે હૃદય કમળમાં રાખો;
ઉઠતાં બેસતાં રામ, રામ હરતાં ને ફરતાં;
ખાતાં પીતાં રામ, રામ કારજ સહુ કરતાં;
તેનું કલ્યાણ શું પુછવું, આપે રામરૂપે બન્યો ઘણું,
કહે નરભેરામ ગુરૂ થકી, તે કલ્યાણ કરશે કોટીતણું. ૨૪

ચોમેર સરોવર ભરયું, મોટમ મહીમા છે જેનો;
ચોવઇ સેવાળ છે ઘણો, તે પગ ઠરે નહી કેનો;
મહી ફેણુને લીલ, તે કેમ કરીને ગળીયે;
વાસના રૂપી વાવ છે, તે પી શકે નહી પળીયે;
ગંગાજળ ભરતાં અંજળી, લીલ ફેણ સહુ જાય છે;
કહે નરભેરામ ગુરૂ થકી, એમ પાપી પાવન થાય છે. ૨૫

મનુષ આંકે સાંઢીયો, તો કારજ તેનો સીધ્યો;
ભોળોનાથ તેનો ધણી, તો વાહન કરીને લીધો;
મનુષ આંકે સાંઢીયો, તો ધુંસરી તેની જાયે;
હળ ગાડુ તાણે નહી; ને જ્યાં પુરવે ત્યાંહાં ખાયે;
તેને ખાળી નવ શકે જ્યાં લગી અજવાળુ ભાણ છે;
કહે નરભેરામે આંકીયો, તેને ખાળનારૂ કોણ છે. ૨૬

ઘણીવારે દાસને, રખે અણજાણ કુટાશો;
રામે આંકી મુકીયા, તમે ત્રે દ્વાર ન જાશો;
એક વાર કુટીયા ઘણા, તે અજામેળને માટે;
સહુને ચેતાવુંજ, રખે જાઓ તેનીજ વાટે;

સહુ જમને ધરમજ કહે, જ્યાં જપતા હોય સીતાપતી;
કહે નરભો ધરમ ભકત ઉપરે, જોર મારૂં જરિયે નથી. ૨૭

રામ નામ કલ્પ તરૂ, તે જગત બધું સઉ જાણે;
વાંછીત ફળ આપતા, વેદ ચારને વખાણે;
ધ્રૂવને અમરપદ દીધ. જન પ્રલ્હાદને તાર્યો;
કારપરાત ગુણકા તરી, અજામેળ નર્ક નીવાર્યો;
જેમ દોરીને વશ છે ઘડો, જેમ તાણ્યો તેમ આવશે;
કહે નરભો નામ દોરડી, તે ભજન તાણીને લાવશે. ૨૮
શ્રી રઘુવર તાણ્યા આવતા, સાધુ મળેછે જ્યારે;
ભોમ વૃક્ષ મેઘનો, ગુણ ગ્રહણ કરે ત્યારે;
હુંપદ મોટમ નવ ગણે, મૂખ સામાને કરતો;
જેમ કષ્ટ વેઠે કપાસ, શોત સરવની હરતો.
ચારેનાં ચેન ભાળી જુઓ, એવાં લક્ષણ છે જેહને;
કહે નરભેરામ ગુરૂથકી, સાધુ કહિયેછે તેહને. ૨૯
કોઇ શિવ શક્તી સેવતા, કોઇ ગણપતીની રીતી;
નિંદા કોની નવ કરો, ને પુર્ણજ રાખો પ્રીતી.
વિઠ્ઠલ દક્ષણ ભજે, નાથજી વલ્લભ કુળમાં;
રેહણી ઉપર આવશો, એક છે વસ્તુજ મુળમાં.
જેમ નવસેં નવાણું જુજવી, લય સમુદ્રના ઠામને;
કહે નરભો સેવા સર્વની, તે આગળ પામે રામને. ૩૦
સાધુનાં લક્ષણ તેહ, કોઇનાપર દ્વેષ ન લાવે;
સાધુનાં લક્ષણ તેહ, માખણથકી કોમળ કહાવે.

ધાતુ પારસથી મળે, તે કુંદન રૂપ કરે છે;
(એમ) સહુ વિકાર સંસાર, તે ગુણ દાખીને હરેછે.
સાંભળી અક્ષર પાળજો, સંત સમાગમે જઇ ભળો;
કહે નરભેરામ ગુરૂથકી, પારખીને જનને મળો. ૩૧

ઘણું રળ્યું વાવર્યું, સંસાર ખાતે સહુ ખોયું;
પૈસો પાણીમાં બુડયો વિચારી લેશ ન જોયું.
અજિત માયા રામની, વિધી તો રૂદ્રને તાણે;
નરભો બાપડો રંક તે કેમ કરીને જાણે.
ગાય ગમાનક કાઢી, જઇ ગયેલાને ચારી;
અવસ્થા આવી રહી, ત્યાહરે વાત વિચારી.
સાઠે ખોયાં સ્હેજમાં, કલ્યાણ હવે કંઇ તાકજે;
જન નરભેરામ ગુરૂ થકી, હવે રહી એટલી રાખજે. ૩૨

કોઇયે માન્યુ કલ્યાણ, પુત્ર પરવારે ભારો;
કોઇયે માન્યુ કલ્યાણ, જો મળે અમુલખ નારી.
કોઇયે માન્યુ કલ્યાણ, જો દામ ભેગો બહુ કરીયે;
કોઇયે માન્યુ કલ્યાણ, ન મરીયે ને અવતરીયે.
એ કલ્યાણ સૌ તુચ્છ છે, જેમ સ્વપ્નુ હોએ જામની;
જન નરભો કલ્યાણ ચાહ્ય છે, ભવોભવ ભક્તી રામની. ૩૩

બહુ નાણું બહુ નાર, તેને કલ્યાણ ના કહીયે;
મરવુ અવતરવુ મટયુ, તુચ્છ કલ્યાણને લઇયે.
એ કાયર જે કોય, તે જઇ ખુણાને ઝાલે;
જેમ રાંડી ખુણે નાર, તે બાપડી શું માહાલે.

પણ રામ રાજી ખુશી થઈ, રહે રચનાપર જેહને;
જન નરભેરામ ગુરૂ થકો, કલ્યાણ ગણે છે તેહને. ૩૪

સોના રૂપાનો થાળ, તે અજવાળીને ધરીયે;
પંચ વીધ પકવાન, તે જુકત કરીને ભરીયે.
સારા પુરીને શેવ, પોળી ઘ્રતે જબોરી;
કેળાં કેરી દુધપાક, માંહી મસ ઘ્રૃતજ રોળી.
શાક અથાણાં બહુ ઘણાં, પણ નાથ બાંધેલો નેમનો;
કહે નરભેરામ ગુરૂ થકી, પાતળીયો ભુખ્યો પ્રેમનો. ૩૫

સોના રૂપાની થાળ, દુરજોધનની કેમ ત્યાગી,
વીદુર ઘેર શો વૈભોગ, જમ્યા પતરાળે ભાજી.
આચાર વિચારે જમે, તો કરમાનો શો ડીઠો;
છપન ભોગ ત્યાગિને, ખીચડો લાગ્યો મીઠો.
બોર પરાસ્યાં સવરી તણાં, સ્વભાવ એવો છે એમનો;
કહે નરભેરામ ગુરૂ થકી, પાતળીયો ભુખ્યો પ્રેમનો. ૩૬

એક મડદાને કાજ, સાલ બસેંની લાવે;
અબીલ ગુલાલ અથાગ, બહુ વાજાં વગડાવે;
રૂપા તોલડીયે આગ, ઘ્રત મલીયાગરે બાળે;
ભલા ભલા સૌ કહે, રામજી લેશ ન ભાળે;
એટલુ ઘ્રત મલીયાગરે, શિવ પુજન જો કરતો;
વાઘા ચંદનના ક્રષ્ણને, હુનાળે જો ધરતો.
તેમાંનુ કાંઈ કરયું નહીં, હંકારે એરવ્યું રાખને;
કહે નરભેરામ ગુરૂ થકી, મુવા મડદાને કોયા કાખને. ૩૭

આપે તે પામે નહી, જોને શાસ્ત્રમાં પુછી;
અરથ ઊંડો એહનો ઘણો અવરાતાં ભુમી.
આપે તે નથી પામતા, અથવા જર કે જોટો;
રથ માફા પાલખી, ન પામે ગાય કે ઘોડો.
અરથ સરે આશી ગણી, દુખટાં દેહનાં વાંચતાં,
કહે નરભેરામ ગુરૂ થકી, જે આપે તે નથી પામતા. ૩૮

ભોજ ભાનુમતી મળી, તાપણી ગંગપર ધારી;
તે પુન્યે અવતર્યાં, ભોજ ભાનુમતી નારી.
સુદામે તાંદુળ આપીયા પ્રેમે કૃશ્નને જાચ્યો;
તાંદુળે તાંદુળ ના મળ્યા, વૈભવ ઇંદ્રનો પામ્યો.
સગર રાજા શો થયા દાન કન્યાનાં દીધાં;
સાઠ હજાર દીકરી માગતાં, કૃષ્ણે દીકરા કીધા.
વિચારો આપે જુવો, જેને પરમારથ છે ગળ્યું
કહે નરભેરામ ગુરૂ થકી જુઓ શું આપ્યું ને શું મળ્યું. ૩૯

પાપ એક વ્રત તણું, જગત બાધામાં જાણો;
એક વસ્તુનું પુન્ય, વાત ખરીજ પ્રમાણે.
સામાનો જીવ દુખવે, એહ પાપજ કહેવાયે;
સામાનો જીવ ઠારશો, તેહનું કરમ લખાસે.
એ બેમાં જગત બાધું રહ્યું; પુરવે તે વાતે સંચરો;
કહે નરભો સુખ તાકો સહી, તો રામ રટણને ઊચરો. ૪૦

કેઇ વેળા ગણપતી પામતા, કેઇ વેળા વિધિને કહીયે;
કેઇ વેળા વિશ્નુ પામતા, કેઇ વેળા રૂદ્રને લહીયે.

જીવ અત્રીદાસ ગતીને, કહો કોણ વેળા કીજ;
છઠા ગુરૂ બ્રહ્મ સાતમા, તેને કોણ વેળા દીજે.
સોહંગ શબ્દને જાણો તે સમે શીકલ્પ કરી આલજો;
કહે નરભેરામ ગુરૂ થકી, સોહંગ સુખેથી ઝાલજો. ૪૧

આકાશે ભાનુ એક, જગત બાયે અજવાણું;
કુંડામાં દેખાય, એવા સચરાચર ભાણું.
ઉંડાં તો તરકે રહ્યાં, સરકાર ઘરમાં પેસે;
જળ હાલા થકી હાલતું, કહો ઠરી કેમ બેસે.
ભાનુ તો નથી હાલમાં, એ ભીયા તો એક છે;
કહેનરભેરામ ગુરૂ થકી, એવા સચરાચર રામ છે. ૪૨

જો જરમાં જાણું રામ, નીચ ઠામ કેમ ધરીયે;
ભોમીમાં જાણું રામ, ઝાડો પિશાબ કેમ કરીયે.
અનમાં જાણું રામ, તો દળી ભરડી કેમ ખાઇએ;
સચરાચર જાણું રામ, તો કહો કીયાને ગાઇયે.
સચરાચરને શું કરૂં, પોંચી શકુ નહી બહુ ધામને;
શ્રી ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેં બલીહારી નામને. ૪૩

આંખો મોડુ નાક, ગુણ સરવમાં સરખો;
રંગ એક નહિ મળે, ઇશ્વરતા એ દેખો.
માળા મણકા ઘણા, સુતર એક છે સહુમાં;
દવો ઘ્રત તલ તેલ, એમ ઇશ્વરતા બહુમાં.
સોનુ મુળમાં એક છે, પણ ઘાટ ઘડે બહુ નામ છે;
કહે નરભેરામ ગુરૂ થકી, એવા સચરાચર રામ છે. ૪૪

ગોપીજન દાસ થઇ રહ્યાં, તે રૂપ રૂદેમાં લીધું;
મીરાંબાઇ દાસ થઇ રહ્યાં, તે ઝેર હળાહળ પીધું.
મેહેતાજી દાસ થઇ રહ્યા, તે હોડે હાર મંગાવ્યો;
બોડાણો દાસ થઇ રહ્યા, તે ગામ ડાકોરમાં લાવ્યો.
એ ઠાકર ચાકર જુજવા, તે બીજો કયાંથી નીસર્યો.
કહે નરભેરામ ટોળા થકી, કહો કારજ કોનો સર્યો. ૪૯

સૌ માયા રામની, જે રામ કરે તે ચાલે;
હરખાશો કાયર ગોધરી, હોનાર વાત તે ઝાલે;
ધન દારા ને પુત્ર, હોનાર હોય તો આવે;
કોઇ દિન આવે જાય, હરખ શોકજ નવ લાવે.
પ્રયત્ને આવે નહીં, રાખિયું તે નથી રહેતું;
એ ભુલ માયા રામની, કળા તો કો નથી લેતું;
આવે ત્યારે હરખાય નહી, શોક નહી જવ જાય છે;
કહે નરભેરામ ગુરૂ થકી, તે જીવનો ઇ... થાય છે. ૪૭

મોટમમાં નહિ ઠીક, મોટમપણાને મુકો;
રાખે મોટમ જેહ, લાભને તે તો ચુકયો.
મોટામાં મોટા તેહ, જે હાથી રૂપ કહેવાયે:
ખાંડ વેરઇ રેતમાં તે કેમ કરીને ખાયે.
મોટાપણું સહુ મુકીને, કીડી તુલ્ય ઓણો દાખશે;
કહે નરભેરામ ગુરૂથકી, તે નર હરીરસ ચાખશે. ૪૮

બહુ બાવળ બોરડી, વાગવા કાંટા ઘણીયું;
જવલો ચંદન વરખડી, તે શીવ શામને ચદીયું.

(એમ) દુરિજન કાંટા રૂપ, તે વિશ્વની માંહી વસે છે;
હરીજન હસ્તી જોઈ, દુરીજન સ્વાન ભસે છે.
આરા ભગત મેં જાણીયા, ગાજરીયાં તાણી નીસર્યા;
કહે નરભેરામ ગુરૂથકી, દુરિજનનો અર્થજ સો ર.યો. ૪૯

નથિ પાસે આવતું, નથી પાસેથી જાતું;
મિથ્યા શિદ્દ દુણાય, નથી ઘરમાંરે ધાતુ.
રામ રટો હરિજન, મુખથી એમ્જ કહે છે;
વિચારી આપે જુઓ (એમાં) દુરિજનનું શું લે છે.
બાપ કાંઇ માર્યો નથી ને અમથુ આંખમાં ઝેર છે;
કહે નરભેરામ ગુરૂ થકી, ભગત જગતને વેર છે. ૫૦

લખપતી કરોડ પતી. અસંખ્ય નાણું લહીયે;
જંપી રટ્યા નહિ રામ, તો ભાગ્યશાળી કેમ કહીયે.
અધર્મે નાણું મેળવે અધર્મે નાણું લાવે;
રખવાળ તેને જાણજો, ન ખાય નહિ ખવરાવે.
ભાગ્યશાળી ત્યારે ખરો, ધર્મને ચોરે બંધાય નહી
કહે નરભો ભાગ્યશાળી કહું જમનો માર ખાયે નહી.૫૧

જાતરા જે જન જાય, [તેને] ખરચી રાખવી વાટે;
પૈશો વાહાલો સર્વને, મફત તોળે નહી હાટે.
ખરચી જ્યાં લગી હોય, વાણીયો ત્યાં લગી તોળે;
બરાબર આવી રહયું, પછી હીસાબને ખોળે.
વિચારી આપે જુવો, એ વસ્તુ છે ધાટ ધાટની;
કહે નરભેરામ ગુરૂ થકી, ખરચી રાખજો વાટની. ૫ર

મધ્યાનકાળ જ્યાં થાય, પેટ વલુરા પેસે;
ક્યાં જાઊં શું કરૂં, ઘડી નિરાંતે ન બેસે.
સંસાર હજુ છે ઠીક, કેમ માગે તે મળશે;
વીંછીની વેદના, જેની વેળા જીવ ચરશે.
દધી દુધ ઘી ખાંડ, તે અંહીંયાં ખાધા ઉભે ગળે;
કહે નરભો જુઓ સ્વરગમાં, માગે પણ તે નહીં મળે. ૫૩

જેને જોવાનુ કામ, તે દેખે સારૂ નરતુ;
કાનને સુણ્યાનું કામ, તે કામ પોતાનું કરતુ.
હાથને સંસારનુ કામ, બાપડા ચરણુજ ચાલે;
જીભ્યા તારે શું કામ, રામ રટણને ઝાલે.
જોર કાંઈ પડે નહી, ને ન બેસે કંઈ દામને;
કહે નરભો સુખ તાકો કોઈ, તો રટો નિરંતર નામને. ૫૪

રામ રટયાનું શું કામ, સુઆ ગોલોકમાં સુખે;
કૃપા અમને દીજીએ, દાઝું અમો પારકે દુખે.
દુખ તે ભાગી શકું, એ કીરપા અમને કરીએ;
રહું રટાવું સર્વને, ન મુકું મુખથી જરીએ.
કૃપા એટલી મોકલો, મુખે તમારૂં નામ છે;
કહે નરભેરામ રૂરૂથકી, તો સચરાચરમાં રામ છે. ૫૫

ખારા પાણીનો જીવ, તે મિઠા પાણીમાં મરે છે;
મિસરી મીઠી બહુ ઘણી, તે ખરના પ્રાણ હરે છે.
જેમ સિંહણનું દુધ, સોનાના પાત્રમાં જામે,
બીજી ધાતુ છે ઘણી, વિરામ ત્યાંહાં નંવ પામે.

એમ હરી રસ આકરો, પ્રેમી રૂદયમાં જઈ ઠરે;
કહે નરભેરામ ગુરૂ થકી, હરિજનને વિમળ કરે. ૫૬

જુવાનિના જોરમાં, લેશ જાગી ના જોયું;
રામ રટણ ના કરયું, એળે આયુષજ ખોયું.
તિલક તુળશી છાપ, તે સાથે વેર વસાવ્યું;
શું કરવાને કાજ, અંતે સ્વાન ભસાવ્યું.
જમનો માર પડે ઘણો, ને આંખથકી આંસુ ઝરે;
કહે નરભેરામ ગુરૂ થકી, તિલક તુળશી દહી શું કરે. ૫૭
વેદ જેહે કોઇ ચાર, તેને પાઠે કરી રાખે;
ખટ ચોદ અરાદ, તેહ જીભ્યાપર દાખે.
ગમ અગમની વાત, સો કરી શકતો સરતે;
ગણિત વિદ્યા આવડે, પત્ર વૃક્ષનાં વરતે.
નાણું ટોળે કાંઇ કરયું, તે વાક જારને નાણ્યું;
હૃદયમાં એવું રહ્યું, કલ્યાણ વાત ના ઝાણ્યું.
વા જોતિષ પુરાણ કે લેખાં તો લાખે ગણે;
કહે નરભેરામ ગુરૂ થકી. કલ્યાણ સારૂ કોણ ભણે. ૫૮
જન્મ્યો માવને પેટ, સત્યતો સેજે ખોયાં;
પછી પરચી ચાળી લગી, પાન ને પોથાં જોયાં.
ઝીકણુ બહુ ઝીકવું, ન જંપ્યો ઘડીયે જ્યારે;
પ્રાક્રમ એનો કરયું, તારો દેખાડયો ત્યારે.
એમાં તે તેં શું કરયું, પણ જો રટોયા રઘુરાઇને;
કહે નરભેરામ ગુરૂ થકી, ધન્ય કહું તારી કમાઇને. ૫૯

તારી વિધાને તજી, ભણવુ ગણવુ પરહરતો;
રટણ રામનું કરી, રામની આશા જો ધરતો.
ખાત પીત બહુ બહુ, પ્રભુ પેઠે પુજાતો;
અંતે જમનું નહીં જોર, રામની પાસે જાતો.
જોર કાંઈ પડે નહી, ન ખેસે કાંઇ દામને;
કહે નરભો રામ દયાળ છે, આપે અભેપદ ધામને. ૬૦
મળિ જેને મોટંમ, તે નર લાભને ખોરો;
હું પદ હરદે લાવશો, આખર જતાં રોરો.
આવકાર ને માન, આવે એટલાને દેવા;
તેને નમાવતા શીરા, ત્રુકિ મુખ આગળ મેવા.
હાથ જોડી ઉભા રહીં, ચર્ણામ્રત લઇ જાય છે;
કહે નરભો મોટમપણું, લાખોનો માલ લુંટાય છે. ૬૧
કરી જાતરા જેહ ભોમિપર ભજનજ કરતા;
ઘાટ ઘાટની માંહ, ધ્યાન હરીનું ધરતા.
કુવા નદીં તલાવ, ગંગમાં જઈને નાહયો;
દરશન દેવ અનેક, તો સાધનમાં ધાયો.
તે ફળ તારૂં જે હતું, પણ રૂપજ સ્ત્રીનાં જોઇને;
કહે નરભો કુટ મુરખા, તેં હાથે આપ્યું ધોઇને. ૬૨
મોટો પુરૂષ જે કોય, ન મોટમ લેશજ દાખે;
રામ રસ અમૂલ્ય, કોઇ ન સમજે એમ ચાખે.
રસના સારની માંહ, ચિલે સંસારને ચાલે;
કહો કેમ વરત્યો જાય, હ્રદયમાં રામજી મહાલે.

વાત કરે ને સાંભરે, અખંડ ધારા જેહને;
કહે નરભેરામ ગુરૂ થકી નિત્ય બલિહારી તેહને. ૬૩

કામ લોભ અતિ ઘણો, અહંકાર ગરજા કુટયા;
ભુંડા શત્રુ એ પાંચ, લોક સરવને લુટયા.
(તેને) મુડાવવું કો નથી, ઉપરથી મુડણ કરાવે;
સંગી સામાનો સમ, ભુધરને તે કેમ ભાવે.
વાળ બિચારા શું કરે, એમ રામ રીઝે નીકસે;
કહે નરભો મુડાવશો માંહેથી, ત્યારે કારજ સિધી થશે. ૬૪

પુરવે (તો) બાંધો પાઘડી, પુરવે તો ટોપી ઘાલો;
ઘર મુકી વન જાઓ, નથી વનમાં કંઇ વ્હાલો.
પુરવ્યે રાખો ઊજળાં, પુરવે તો ભગવાં કરજો;
કાઢો મેલ માંહ્યથી, ધ્યાનજ હરિનું ધરજો;
કાર કારદ આવશે, હુંપદ હરદેથી જશે;
કહે નરભેરામ ગુરૂ થકી, કલ્યાણ તો તારૂં થશે. ૬૫

હીરા હરિનું નામ, નથી સહુને તે મળતા;
જગલા મહેનત કરે, તે રજની દીવશ રડતા.
મહેનતે મોતી મેળવે, કષ્ટ કાયાને દે છે;
તેને ઠગારી મળી, તે કામને સાટે લે છે.
રગો રૂપઇયા રામના, તે કામને સાટે જાય છે;
કહે નરભો મોટમપણુ લાખોનો માલ લુટાય છે. ૬૬

તજી સેજ તળાઇ, જઇ એકાંતે બેઠો;
તજિ નિંદ્રાને અહાર; જાપ જગતમાં પેઠો.

તજ્યા ભામની ભોગ, તેહ સુખને પરવરીયું;
ઉતરી સાંકળી હાર, ધ્યાન હરીનું ધરાયું.
શણગાર સાધન બહુ બન્યો કથા સુણી કાનવેળિયું;
કહે નરભો ફટ મુરખા, સાખારા ખાતે ધુળ મેળવ્યું.

કમાયો કષ્ટે કરી, વટાવી તેને ખારો;
જમે ઉધારો કરી, તાકવા લાભજ જાશો.
લાભ તાકવો હોય ઝંડિયે જશ નાખો જઇને;
મોટમને મૂકિને, રહો દાસત્વજ ગ્રહીને.
ગુણ ઝાઝો નવ દાખીયે, રાખો રામને ઊરમાં;
કહે નરભો મોટમ માન તે, મુકને વેહેતા પૂરમાં. ૬૮

છત્રપતિ બહુ ઘણા, પાલખિયે બેશી ચાલે;
છત્રપતિ બહુ ઘણા, તેતો હુંપદમાં માહાલે.
છત્રપતિ બહુ ઘણા, મારો બાંધો એમ કહે છે;
છત્રપતિ બહુ ઘણા, દુઃખ નિરધનને દે છે.
છત્રપતિ બહુ બહુ ઘણા, વટાવે દેશને ગામને;
કહે નરભો નિરધન વિના, કોણે રીઝવ્યા રામને. ૬૯

પ્રજાપતીની ઘોડી, રાંડ શિદ્દ દુરિજન જાયો;
પેટ ભરી વિષય બહુ કર્યો, એમાં તે શું રે કમાયો.
નિંદ્રા મૈથુન આહાર, એહમા થયો શું રાજી;
હે પ્રાણી તું સર્વ, વિચારી જોને પાજી.
રામ રટણ કાંઇ નવ કર્યું, અંતે કારજ શાં સર્યાં;
કહે નરભો પેટ સર્વે ભરે, ગધાં બલાડાં કુતરાં. ૭૦

સુખ માણ્યાની માટ, માળ મેડીને અગાશી;
સુખ માણ્યાને માટ, રાખે દાસને દાશી.
સુખ માણ્યાને માટ, સેજ તળાઇયો સારી;
સુખ માણ્યાને માટ, સૌ રાખે પાંસે નારી.
પણ વગર રામ ભજન વિના, કોહો કારજ કોનાં સર્યાં;
કહે નરભો પેટ સરવે ભરે, ગધાં બલાડાં કુતરાં. ૭૧

જુનાધડના રંક, કષ્ટથી ગુજરાન કીધું;
વિપ્રજ ગાંગડ તણા, રંકપણ ભજને લીધું.
રાજાયે મુકયાં રાજ, ગયા તે જોગી થઇને;
નિરધન નરસઇ હતો, પુરયું મામેરૂં જઇને.
નિરધનને વાહાલા રામજી, વાહાલો કરે નહી દામને;
કહે નરભો ઘણા લખપતી, કોણ રીઝવ્યા રામને. ૭૨

ધનવંત શેવે શામને, કરી વાતે ના ચુકે;
અગરબતીના ધુપ, લાવીને પાંસે મુકે.
સોના રૂપાનો દીવિયે, ઘ્રત દીપક કરાવે;
ગુલાબવેલ મોતિના, હાર કરીને ધરાવે.
પંચ વિધી પકવાન, સોવરણ થાળ ભરીને;
શાક અથાણાં ઘણાં, આરોગો કહે છે હરીને.
હાવી શેવા બીજો શું કરે, હું પદ હરદે નથી ઘાલતા;
કહે નરભો અભીમાન છે, ભુધરજી નથી ભાળતા. ૭૩

નિરધન શેવે શામને, એક જરથી સઉ કાહાવે;
હેતે તુળશીના હાર, આભુષણ ક્યાંથી લાવે.

હીરા હરીનું નામ, પીત પરવાળાં કહે છે;
પછે મટકાના ધુપ, ઘેરા ગીરધર ત્યાં લે છે.
હાર ધરે ગુંજા તણા, મુખથી કહે માનજો હેમનો,
કહે નરભેરામ ગુરૂ થકી, પાતળીયો ભુખ્યો પ્રેમનો. ૯૪

પદ.

પદ ૧ લું.

(રાગ ગરબી.)

ઉમ્મર ખોઈ આજ કાલમાંરે,
તંતો ઉમ્મર ખોઈ આજ કાલમાં. ટેક.
રામ ભજન વિણ ફર્યો ચોરાશી,
ઘણી પેંજાર પડી તારી તાલમાંરે. તંતો૦ ૧
વિષયનો રસ ઝેર તુલ્ય ના જાણ્યો,
તારી મોટમ ને માનુમાં તું માહાલમાંરે. તંતો૦ ૨
રાંક નરભા રટણ કરો રામનું,
તુંતો ચાલ હરીજનની ચાલમાંરે. તંતો૦ ૩

પદ ૨ જું.

(ભમરા પેલો વધાવો મારે આવીયો.) એ રાગ.

ભમરા ભુતળમાંરે કેમ આવીયો,
જ્યારે લાભ ન લિયો કાંઇ લેશરે—

મધુકર ભમરા ભુવનમાંરે કેમ આવીયો. ટેક.
રાય ધર્મ તે હીસાબ માગશે,
ત્યારે એકે નહીં સુઝે દેશરે મધુકર૦ ૧
આગળ વઇતરણી વસમી ઘણી,
તાણે જમડા ઝાલીને કેસરે મધુકર૦ ૨
મનવા માર જહશેરે તને ત્યાં ઘણો,
ત્યારે વગોવાશે મનુષા વેશરે મધુકર૦ ૩
રાય ધર્મને ઘેર જાતા જીવને,
સોળ નગ્રમાં ઉગ્રપુર પેહેલુંરે મધુકર૦ ૪
જમદાણી થઇને દાણા માગશે,
તેમાં સુખ નથી કાંઇ સેલુંરે મધુકર૦ ૫
રાય ધર્મની આગે ઉભો કરે,
જેવાં કર્યાં તેવાં ત્યાં લખાયરે મધુકર૦ ૬
ગુરૂ કેશવના ચરણ પ્રતાપથી,
જસ જન નરભેરામ ગાયરે મધુકર૦ ૭

પદ ૨ જું.

(રાગ ઉપરનો.)

જીવ જાગોને અવસર જાય છે,
મોંઘો મનુષા દેહનો છે લાહોરે;
મનવા મારા રટણકરોને શીતા રામનું. ટેક
ઘણુ પ્રેતાને મનુશા દેહ મળી,
તને કેમ નથી આવતો ભાવરે, મનવા૦ ૧

જીવ જઠરામાં પરઠણુ શી કરી,
નાચુ ગાઉને કરૂ તારી શેવરે. મનવા૦ ૨
મનવા તે પરઠણુ તારી કયાં રહી,
તુંતો થયો શ્રી રામનો ચોરરે મનવા૦ ૩
ત્યારે બળધ થઇને ચીલે ચાલતું,
પંથ લાંબો ગારામાં ઘણો ભારરે. મનવા૦ ૪
આંખો બાંધીને ઘાણીમાં ઘાલશે,
નથી સુકાણી નેત્રની ધારરે. મનવા૦ ૫
ઊંટ થઇને બોજાને ઉઠાવશો,
ચાવી કાંકણુ ને કંથેરરે મનવા૦ ૬
કીટ પતંગને પશુની દેહ ધરી,
જન્મ કેહેતાં નહી આવે પારરે. મનવા૦ ૭
ગુરૂ કેરા તો ચરણ પ્રતાપથી,
જન નરભો તે જાય બલીહારીરે. મનવા૦ ૮

પદ ૪ થું.

રામ રામ રટોને જુગમાં જે દાહ્યાને શાણા,
વગર રામના ભજન ટાળી, શીદ વણુસાડો દાણા.
રામ રામ રટોને ટેક

જમ કિંકરનું જોર ન ચાલે, રામનામ છે એવું;
અજામેળ ઉગારી લીધો. જમ ના પામ્યા લેવું. રામ ૧
રામ રસાયણ મીઠો મીઠો, સકળ શાસ્ત્રનો સાર;
ઊંચ નીચનો મેળ નહીને, રામ ભજ્યાથી પાર. રામ ૨

પાઠ પુજા જોગ જગને, નામ સમાને નાવે;
હરતાં ફરતાં સુતાં બેઠા, જો ઉભરાણુ આવે. રામ ૩
વાલમીકજીએ કહયું ભારદ્વાજને, શીવ પારવતી નારી;
કાગ ભુશંડીયે કહયુ ગરૂડને, નરભો નામે બલીહારી.
રામ રામ રટોને ૪

રાજીયા.

રાજીયો ૧

જાગો જાગો જીવ લાડકારે, તમને દેઊં છું શીખ;
કહ્યા પ્રમાણે જો ચાલશો, ત્યારે તમને છે ઠીક—
રામ રટોને કોઇ રંગમાં. ટેક.

લક્ષ ચોરાશીની વાટમાંરે, ધર્યા બહુ અવતાર;
મનખો મળ્યો ઘણી મ્હેનતે, નથી વારમ વાર. રામ૦ ૧
કોઇ આગળ કોઇ પાછળેરે, જાવું જાવું જરૂર;
રહ્યું નથી ને રેહેશે નહીં, રાંક રાણાને સુર. રામ૦ ૨
નિવૃત્તિ કહેછે નાથનેરે, નહીં માનો મારી વાત;
પડશો પ્રવૃત્તિના પાશમાં, પછે પસારશો હાથ. રામ૦ ૩
ન્હોય કુટુંબ એ તાહરૂંરે, રટો રામ મુકી લાજ;
રણુ સંબંધે આવી મળ્યું, લેણા દેણાને કાજ. રામ૦ ૪
ન્હોય તરૂણી એ તાહરીરે દાખે સ્વપ્નનું સુખ;
વીકાર તે થકી વાધશે, પછી દાવાદળ દુઃખ. રામ૦ ૫

પુત્રને પેટ પિતા આવતારે, પિતાને પેટ પુત્ર;
અદ્ભુત ખેલ એ રામનો, એમ ચાલ્યું ઘરસૂત્ર. રામ૦ ૬
પાળી પોષીને મોટા કરેરે, જિવને આણીને સોષ;
તે પુત્ર મુખ મેલે દેવતા, જુઓ ગણુના ભઇ દોષ. રામ૦ ૭
છળ પડે છે એક એકથીરે, એવો માયાનો ઘોળ;
અન્યો અન્યે વળગી રહ્યું, માટે જાય ઘરખોળ. રામ૦ ૮
કાયા પરપોટો છે નીરનોરે, ફુલ્યો ફુટીને જાય;
ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જસ ગાય. રામ૦ ૯

રાજીયો ૨

જુઓને નીર ઝાકળતણું રે, દેખે છે સહુ લોક;
પણ પછી કાંઇ ના મળે, એમ જોબન છે ફોક—
રામ રટોને કોઇ રંગમાં. ટેક.

નિરૃત્તિ રાણી એમ બોલિયાંરે, મને નાથની છે ભાળ;
કહ્યું કરો તમે કંથજી, ફરી નહિ આવે તાલ. રામ૦ ૧
નાટક વિષ્નુએ રચ્યું જ્યારનું રે, ચોતર્યા ચોદ માળ;
અથડાયો છો જીવ ત્યારનો, વેઠ્યા કોટીક કાળ. રામ૦ ૨
સતી તણુ કહ્યું સાંભળીરે, લાગ્યો રામનો રંગ;
દસકો નિવૃત્તિનો વહિ ગયો, પછિ પ્રવૃત્તિનો સંગ. રામ૦ ૩
સંતાન થયાં નિવૃત્તિને, પ્રાણ પુરૂષને સંગ;
ધર્મ સંતોષ વડા દીકરા, જેનો અદ્ભુત રંગ. રામ૦ ૪
શાંતિ સંતોષની નાર છેરે, દયા ધર્મને શરણ;
વિવેક વૈરાગ્યવિચરાજી, પુછે વ્હાલાંને ત્રણ. રામ૦ ૫

જ્ઞાન વહુ છે વેરાગનાંરે, ક્ષમા વિવેકની નાર;
અક્કલ વહુ છે વિચારનાં, એક સુરતી કુમાર. રામ૦ ૯
એતો પરવાર નિવૃત્તિનોરે, સંકેતમાં કેહેવાય;
ગુરૂ ચરણ પરતાપથી, નરભેરામ જસ ગાય. રામ૦ ૧

રાગ્યો ૩

પ્રવૃત્તિ રાણી પછી બોલિયાંરે, ન્હોય તમારા ઢંગ;
હરાારત થશે તમતણી, નવ કરો એનો સંગ—
રામ રટોને કોઇ રંગમાં. ટેક.

નવ કરો કહ્યું શોકયનુંરે, તમને દેઊ છું શીખ;
જોગી કર્યાનો આશા એહને, કંઇને મંગાવી ભીખ. રામ૦ ૧
અકબરશાહને એ મળીરે, કરી મુકયો ફકીર;
ટુકડા માગતો તેને કર્યો, ઉતાર્યું માપ નીર. રામ૦ ૩
વાણી મધુરી મુખ ઓચરીરે, ડાખ્યું સ્વલ્પનું સુખ;
રળતાં ખપતાં દિન વહિ ગયા, પછી વળી ગયું મુખ. રામ૦ ૪
સ્વેત કેશો ત્વચા લડબડીરે, આવ્યાં નેત્રે બેતાળ;
દંતપુરી તો ઉજડ થઇ, આવ્યો ઢુંકડો કાળ. રામ૦ ૫
લોભ પ્રવૃત્તિનો દીકરોરે, જેની લાલચ નાર;
ક્રોધની અશિષા કામની, તૃષ્ણા એક કુમાર. રામ૦ ૬
જમને મારે આડો થાયછેરે, આવ્યાં આગળ કર્મ;
ઓઠા ચોખાપો બીજાં કાઢે, કોઇ જાણે નહિ મર્મ૦ રામ૦ ૮
જમને મારે આંસુડાં પડેરે, દેખી વહાલાંને રોય;
ઝડી લાગીછે માંહે જમની, તેતો જાણે નહિ કોય. રામ૦ ૯

સાથ પ્રવૃત્તિનો સહુ ગયોરે. આવી નિવૃત્તિ નામ;
ગુરૂના ચર્ણ પ્રતાપથી, રટો નરભા શ્રી રામ. રાક૦ ૧૦

રાજીયો ૪

જીવ ગયે સુનુ સહુ થયું રે, કાચા નગ્ર સુનકાર;
દસ દરવાજા બંધ થયા, તુટયા શ્વાસના તાર—
રામ રટોને કોઇ રંગમાં. ટેક.
મુવા જીવને રોતું નથીરે, રડે સ્વારથ સાઇ;
પોત પોતાનું સરવે રડે, પ્રગટ આપુંછું ગાઇ. રામ૦ ૧
રડે તરૂણી કેવું કહીરે, છુટા મુકીને કેશ;
ગયું મણીતળ માહરૂં, જાણિને બાળે વેશ. રામ૦ ૨
સાસરવેલી શું કહિ રડેરે, પુત્રી સુખ બહુ પેર;
હાવે અમો તે શું કરૂં, પરૂણા કર્યા ફેર. રામ૦ ૩.
આથને માટે રડે બંધવોરે, ભુજ લેલાટ લગાઇ;
રણમાં મુકયો મને એકલો, તને ઘટે નહીં ભાઇ. રામ૦ ૪
માતપિતા કેવું રડેરે, પ્રાળે ઘરપણ મારૂંરે;
પુત્રી ભગની કેવું રડે, સાસરવાસાને સારૂરે. રામ૦ ૫
પુત્ર માબાપને કેવું રડેરે, નથી દામ રતી રેખ;
દિવશાપાણી શરો શા વડે, નથી આરો રહયો એક. રામ૦ ૬
જમશે કે સહેશે ભુખનેરે, જટશે જમનો માર;
તેમાંનું કોય કહેતું નથી, માટે જુઠા પોકાર. રામ૦ ૭
સવારથે સહુ રડેરે, વળી કાંઇ લોકાચાર;
જન નરભા રટો રામને, નહિતો ખાશો પેંજાર. રામ૦ ૮

રાજીયો ૫

કડિયા સુતાર સલાટનેરે, ઘણા દાખ્યો છે દામ;
ગગનમાં મેહેલ ગાજી રહ્યા, રટ્યા નહિ કદી રામ—
રામ રટોને કોઇ રંગમાં. ટેક.

ઓહોલ કરાવ્યા મોકળારે, બહુ બારિયોના ઠામ;
ઓચિંતા ઊઠીને ચાલિયા, નથી પોહોચી કાંઇ હામ. રામ૦ ૧

આવો હીચોળાખાટ હીંચીયેરે, રવી ઉગમતે ભાણ;
સુખ તમારાં સંભારતાં, મને વાગેછે બાણ. રામ૦ ૨

બચકે બનાતો બાંધી રહીરે, ઘણો ઓઢ્યાનો પ્રેમ;
ગોડયો તેની ભાગી નથી, રહી એમની એમ. રામ૦ ૩

શાલો લીધી છે મોંઘા મુલનીરે, લિલા પીળા છે રંગ;
ઓઢી પેહેરી નથી નીસર્યા, નથી અટકાડી અંગ. રામ૦ ૪

સ્વામી તમે છો ભુખાળવારે, જાણું તમારી વાત;
વહાણુ વાયાનો વેળા માગતા, દુધ સાકરને ભાત. રામ૦૫

ચાર દીવશ જતા જાતરારે, ખાણાં રાખતા સાથ;
લાંબે પંથે તમે ચાલિયા, કાંઇયે બાંધ્યુ નહી સાથ. રામ૦૬

ધન ધરતીમાં ગાડ્યાં રહ્યાંરે, સાથે લીધુ ન કાંય;
તે ધનને કયારે કાઢશો, તમે ત્યાંહાં અમે હ્યાંય રામ૦ ૭

તાઢકે તમે નથી નિસર્યારે, ઘણું કોમળ મુખ
સાગુસીએ જમદા ચુંટશે, કેમ વેઠશો દુઃખ રામ૦ ૮

ચાર વહુઓ ને ચાર દીકરારે, નામે ચર્ણમાં શીશ;
શા માટે મુખ નથી બોલતા, એવડી શીછે રીસ રામ૦ ૯

અચિંતા ઉઠીને ચાલિયારે, તેનો શો કહું વિવેક;
બીડી આપુ મારા હાથની, લેતા જાઓને એક. રામ૦ ૧૦
જોતા જોતાંમાં ચાલી ગયારે, કંઇ બાપના બાપ;
જીવની સાથે એ સંચરે, એક પુન્યને પાપ. રામ૦ ૧૧
ગુરૂ છોટાલાલ પ્રતાપથીરે, જાગી નરભા તું જોય;
લેણુ દેણુ આવી મળ્યું, નથી કેનું હવે કોય. રામ૦ ૧૨

પદ ૧ લું.

(રાગ કાફી.)

રામા તમે રડતાંરે, તનને તે શું શું કહયું;
પાસામાં રાખે વહિયાઇરે, તે અચરજ મુજને થયું. ટેક.
પુસ્તક પાનાં સંભાળવા આવે, પુત્રને કહો છો કથી;
ગયો રાવણ ચોદ ચોકડી મુકી, તેનું ઠામ ઠેકાણું નથી;
ફરીને નત્ર આવ્યોરે, પડયું એમને એમ રહયું. રામા૦ ૧
તન ગયો ને જત્રું તારે ને મારે, જ્યારે હુકમ આવે હજુર;
પાણી પીવાનો વાયદો નહી ચાલે, કુણ કાયર કુણ સુર;
મુકર માનો વિનતારે, વેણ મેં તો.સાચું કહયું. રામા૦ ૨
જત્રું જવું તેતો નિશ્ચે સરવને, એ રીતે ચોદે માળ;
વહીયાઇ વડુવો પાસામાં રાખશો, તે તનને દીધી ભાળ.
તુ તેં કહો મુજનેરે, હેતે બોલીને હેયું. રામા૦ ૩
કિયુ નગ્ર કીયા દરવાજા વિશે, તેં તરૂણી મોકલ્યો તન;
કહે નરભેરામ ગુરૂ પ્રતાપે, દેઇ પોળ કુટુંબ સજ્જન.
ઉતર મને આપોરે, એતો માન મારૂં કહયું. રામા૦ ૪

પદ ૨ જું.

મારગડા કેરીરે, ખબર તને કેમ પડી;
સ્વર્ગમાં આવે સામાં રે, અચરજ વાત અડી. ટેક.
સ્વર્ગનાં તમે ભોમીયાં દીસો, એતો અનોપમ ઠાઠ;
કેઇ ભાગોળે પુત્ર સંગાથ જોશો, કેઇ પુછશો વાટ;
કીયા શેહેરમાંહારે, મુજ ઘરડાની મઢી. મારગડા૦ ૧
ઉત્તર દક્ષણ પુરવ પશ્ચિમ, જમીન ઉપર કે આકાશ;
સ્વરગના ઘરડા સામા આવશે, મુજને તો અચરજ હાશ;
ઘરડે ખોળે લીધોરે, તે પુત્રને તું શાને રડી. મારગડા૦ ૨
સ્વર્ગનાં તમે ભોમીયાં દીસો, બુદ્ધિ તમારી અગાધ;
કઇ ખુણને શેહેર પુરવું, વિનતા કહો મુજને વાત.
અવધી આવે મારીરે, હું તે શેહેર જાઉં ચઢી. મારગ૦ ૩
રામા તમે હવે રડતાં રહીને. કહયું બતાવો કાંય;
પુત્ર વડીયાઇના ખોળામાં બેઠો, કે હજુ છે મારગ માંહ્ય;
શુરથી કહેછે નરભેરે, ઉત્તર આપો આ ઘડી. મારગ૦ ૪

પદ ૩ જું.

હવે ના ગમે મુજનેરે, તરૂણી ટેવ તારી;
નાહોયે તન તારોરે, પુરવનો છે કરજદારી. ટેક.
રણ સબંધે સૌ આવી મળ્યુછે, પુત્ર પુત્રી દારા ને પશુ;
ભગની ભ્રાત માત ને પીતા, તે રણસબંધે વસ્યું;
એતો છે ગુંથવણીરે, માયા તણી અતિ ભારી. હવે૦ ૧
રંક બયાને કાંઇ સગણ ગયા છે, છત્રપતી તો અનેક;

જોગી ભોગીને જતી સેવરા, પણ અમર ના દીઠો એક.
સુરાપુરા સરવેરે, ગયા છે બહુ બહુ હારી. હવે૦ ૨
એણી રીતે જાતું વિશ્વ સરવને, શું કહું વારંવાર;
કહે નરભેરામ ગુરૂ પ્રતાપે, તું તરૂણી શોક નીવાર;
કાળને વશ સરવેરે, નાખે માયા મોહ મારી. હવે૦ ૩

પદ ૪ થું.

તારૂણી ત્યારે બોલ્યાંરે, તન ગયો રડતા નથી;
વજર હૈયાં એવાંરે, જપતા કેવા સિતાપતિ. ટેક.
મૃગ સરીખો ગયો પુત્ર ઉઠીને, તે શત્રુ સરીખો રડે;
તો તમે શું જોઇને ગાવાને બેઠા, આંસુ ન લેશ પડે;
કહો છો જ્ઞાન મુખથીરે, વિધવિધ વાત કથી. તારૂણી૦ ૧
હરખને શોક તેને તો રહયું રડવું, એ રીતે ચૌદે લોક;
પુત્ર આવે ત્યારે હરખ થાય નહી, મરતાં ન પામે શોક;
તેને તો ન અટકેરે, માયાતણો આંચ રતી. તારૂણી૦ ૨
હરખ થયો તેને શોક થાય છે, કુટે શીષ કપાળ;
ક્યાં જાઉં ને શું કરૂં, બોલે પડે પેટમાં ફાળ;
પોપટ ગયો ઉડીરે, તે કહે તેની અજાણ મતી. તારૂણી૦ ૩
પંચ તત્વ ગયાં પંચ તત્વમાં, તે નથી તારૂણી તને જાણ;
આત્મા ગયો પરમાત્મામાં, કેહે નાર મુવુ પછે કોણ;
ગુરૂના ચરણથીરે, નરભો કહે આપ વીતી, તારૂણી૦ ૪

પદ ૫ મું.

શામા શોક નિવારોરે, એ સુખ સ્વપનુ ભારી;

થોડામાં લેજો સમજીરે, શું કહું વિસ્તારી; • ટેક.
જુઠો સંબંધ તુ જુવતી જાણું, જેમ નાવે ભેગો થાય દેશ;
આરો આવે ત્યારે કોઇ નહી એમાં વળગણ નહી લવલેશ;
એવું સો કુટુંબરે, જુઓ જ્ઞાન વિચારી. શામા૦ ૧
વૃદ્ધ મા બાપ રહે પુત્ર જાય જ્યારે આવે તેનો અંત;
શામા જાય છે સ્વામી તજીને, તજે તારૂણી કંથ;
માન કહ્યુ મારૂંરે, નહીતો રેહેશો ઝખમારી. શામા૦ ૨
મરવું તો નક્કિ દેહ ધરી તેને, આપ વિચારી જોય;
ત્રીજી પેઢીયે નામ ગયું સર્વેનું, તે સંભારે નહી કોય;
ભુલવણી કેસવનીરે, ભુલ્યો સૌ સંસારી. શામા૦ ૩
એક આંબે ફળ અસંખ્ય બેસે, મરવો કે સાખ ગરે;
એવું કુટુંબ સરવે રાંક રાજાનું, અવધી આવે સહુ મરે;
ઠેકાણું પામે વીરલોરે, જેને સાહ્ય ગીરધારી. શામા૦ ૪
પંખી પંખી પશુને પશુ વાહાલુ, એવો માયાનો ખેલ;
તેને ગયામા કાંઇ પંડ નહી મેલે, માટે પીંડની આશામેલ;
કહેતાં પાર ન આવેરે, માટે તું સમજ નારી. શામા૦ ૫
એવું જાણીને તારૂણી કહું છું, શોક તજીને ધરો ધીર;
ગુરૂ ચરણ પ્રતાપે નરભો કહે, શામા સમરો રઘુવીર;
રૂપ રંગ ઉપરનુંરે, પલક પલક વારી. શામા૦ ૬

પદ ૬ ઠું.

વિચારી જોને બીનતારે, ભુતળ કો ના જાય મરી;
મુવા તો કહીયે કેનેરે, ફરી જેને દેહ ના ધરી. ટેક.

કેટલીક વાર દેવમાં દેહ ધરીયો, પશુ પંખી અપરંપાર;
બીજાં રૂપ નાના વિધનાં ધરીયાં, ફરી ફરી વારમવાર;
તોયે ના મરાયુંરે, થાકયા દેહ ધરી ધરી. વીચારી૦ ૧
જ્યારનું ભુતળ રચ્યું બ્રહ્માએ, વળી જે ચોદે માળ;
ત્યાં લગી જીવ તો બહુ અથડાયો, કોટીક વેઠયા કાળ;
તોએ ના મરાયુંરે, અબળા એક લેશ ભરી. વીચારી૦ ૨
કહયું કરીને ઉઠયાંરે અબળા, તો રહયું માનનું માપ;
રડો કુટો બહુ શોશ પછાડો, વેઠો અધીક અમાપ;
કોટીક ઉપાયેરે, પુત્ર નવ દેખો જરી. વીચારી૦ ૨
કોટીક મંગળ કોટીક વીહીવા, જો જીવે મનથી મરાય;
ગુરૂ ચરણ પરતાપથી નરભો, ફરી ફરી વારણે જાય;
કેસર ને કોસ્તુમરે, તે તો રહયાં વાસ કરી. વીચારી૦ ૩

:o:

પરચુરણ.

પદ.

પદ ૧ લું.

રામ ભજનમાં રહીયે પ્રાણી, રામ ભજનમાં રહીયે;
કામ ક્રોધ મદ મોહજ મારી, ગુરૂ ચર્ણે ચિત દઇયે.

સતગુર સાચા સુરમા કેતી, મહિમા મુખસે કહીયે;
અડસઠ તીરથ તે ચરણુમાં, નિત્ય નિરંતર નહિયે.
પ્રાણી રામ ભજનમાં રહીયે. ૧
આનંદ સાગરકા જલ પઇયે, નિરમળ તતંજ થઇયે;
શેશ સહસ્ત્ર મુખ નામ નિરંતર, ધ્યાન ધરત હે હૈયે.
પ્રાણી રામ ભજનમાં રહીયે. ૨
રંગ લગત સતસંગત માંહી, આવા ગમન મીટ જઇયે;
દાસ રણછોડ હરી મારગ મુકી, આર દીશા કયું વહીયે.
પ્રાણી રામ ભજનમાં રહીયે. ૩

પદ. ૨ જું.

રામ ભજન કર દહાડી, મનવા રામ ભજન કર દહાડી;
તન મન અરપી પ્યાલા ભરપી, નાખ કલ્પના કાઢી.
મનવા રામ ભજન કર દહાડી. ટેક
પર નિંધા પર નારી પરહર, નરક તણી છે ખાડી;
કામબાણ કટાક્ષે મારી, દેવે પ્રમા પાટી. મનવા. ૧
સુરા સંત પુરા પોકારે, કરતા શબ્દજ કાઢી;
હરીભજનશું રાખે દ્રઢતા, ધન્ય ધન્ય ઉનકી માડી. મ. ૨
પ્રેમ પુરણ અંતરમાં આણી, મુક ચતુરાઇ ચાડી;
કહે રણછોડ ભવ ભજન કરેતો, થાય આંખલી ટાઢી. ર. ૩

પદ ૩ જું.

મુખડે રામ કહો દિન રાતી, મુખડે રામ કહો દીનરાતી;
[illegible] ક્રુડ કાઢી.

મુખડે રામ કહો દિન રાતી. ટેક
ભરતખંડ ભુતળમાં નરદેહ, પાયો ઉતમ કુળ જાતી;
અંતઃકરણ ઉઠે ધુન્ય ધારા, પુરવ પુન્ય જગાતી.
મુખડે રામ કહો દીનરાતી. ૧
હરી ગુરૂ સંત સમાગમ શરણે, સમદમ વરતી સમાતી;
ભકતી કરત ભવ સાગરમાં, હરી નામ નાવ તરાતી.
મુખડે રામ કહો દીન રાતી. ૨
કલીયુગમાં એક નામ ઉધારણ, દારૂણ દુઃખ મીટાતી;
દાસ રણછોડ કહે રામ ભજો, વેદ વાણી શાખ સખાતી.
મુખડે રામ કહો દીન રાતી. ૩

પદ ૪ થું.

રામ ઝટાકા લાગ્યા, રસનાએ રામ ઝટાકા લાગ્યા;
ગુરૂ પ્રતાપ સાધુકી સંગત, હંસ ભયા મિટી કાગા.
રસનાએ રામ ઝટાકા લાગ્યા. ટેક.
વાસના લીંગ ભંગ ભયા જબહી, રહ્યા ન દીલજ દાધા;
બ્રહ્માકાર ભયા નર પોતે, જીવન મુક્ત હોઇ જાગા.
રસનાએ રામ ઝટાકા લાગ્યા. ૧
દ્વેત મટી અદ્વેતમાં મળીયો, એ પરાપારસે આધા;
હું મટતા હઠ જોગ જરલીયો, કુણ ઢાંકયા કુણ નાગા.
રસનાએ રામ ઝટાકા લાગ્યા. ૨
ત્રંપદ ગળતાં તત્પદ સુઝ્યો, અસીપદમાં જઇ જાગ્યા;
દાસ રણછોડ દિલ દેખ વિચારી, જન્મ મરણ ભય ભાગ્યા.
રસનાએ રામ ઝટાકા લાગ્યા. ૩

પદ ૫ મું.

રામ રામહી રમતા, દેખા રામ રામહી રમતા;
આવરણ અસ્ત પમાડી જે નર, શીતળ થાવે સમતા.
દેખા રામ રામહી રમતા. ટેક.
નાભી કમલમાં સોહંગ ઉઠે, નિશદિન દેખો દમતા;
તાણો વાણો જુઓ તપાસી, ભાત્ય ભાળી માં ભમતા દે. ૧
મિસરી વેલુમાં ગઇ વીખરી, કીડી હોય સો જમતા;
મદગળ હસ્તી તે નવ પામે, ધુળ ધાલે રહ્યા ધમતા. દે. ૨
અંતર દ્રષ્ટી જુઓ ઉઘાડી; જ્ઞાન વિજ્ઞાન ગુરૂ ગમતા;
દાસ રણછોડ દિલ દેખ વિચારી ઘટ ઘટ રામહી રમતા. દે. ૩

૫૬.

ધન્ય પુરણ ધન્ય ભાગ્ય જેને સતગુરૂ મળીયારે; સત ગુરૂ મળીયારે; વળીયા દિવશ રૂડા તેહ તણારે. ટેક. ચાર પદારથ આપે ગુરૂ દેવારે, આપે ગુરૂ દેવારે; સેવામાં મળે મેવા અતિ ઘણારે. ધ. ૧ આજ દિવશ રૂડો દીવાળીનો આવ્યોરે, દીવાળીનો આવ્યોરે; નાહયો વળી ગુરૂ ચરણ ગંગમાંરે. ધ. ૨ ગુરૂ કૃપાથી હરી હીરો મને લાધ્યોરે, હીરો મને લાધ્યોરે; વાધ્યો આણંદ ઘણો અંગમાંરે. ધન. ૩ સત ગુરૂ શ્રવણે માહા રસ રેડયોરે, માહારસ રેડયોરે; હરદામાં ઠર્યો સાધે સંચર્યોરે. ધન. ૪ અખંડાનંદ

પદ પુરણ પામીરે, પદ પુરણ પામીરે, વામી ચોરાસો અવિનાશી વર્યારે. ધન. ૫ સતગુરૂ સ્વામી અંતર જામી દયા કરી દુઃખ વામીરે; દયા કરી દુઃખ વામીરે; મહા સુખ પામી સંત સમાજમાંરે. ધન. ૬ રામ રત્ન ચિંતામણી મહા ધન્ય ગુરૂએ આપ્યુંરે ધન ગુરૂએ આપ્યુંરે, વાટ દેખાડી મુકયાં નિરભે રાજમાંરે. ધન. ૭ ભાવ ભક્તી આપે ગુરૂ મુકતી દાતારરે, ગુરૂ મુકતી દાતારરે; ધારણ રાખો હરી ધ્યાનમાંરે. ધન. ૮ કૃપા કરીને આપો ગુરૂ ચરણે વાસરે, ગુરૂ ચરણે વાસરે; દાસ રણછોડ ગાયે ગ્યાનમાંરે. ધન. ૯

૫૮.

બીગરી કોન સુધારે, નાથ બિન બીગરી કોન સુધારે. ટેક.
બની કનીકે સબ કોઇ સાથી, બીગરીકા તો કોઇ નહીંરે;
ભરી સભામેં લજ્જા રાખી દીનાનાથ સવાઇરે. બી૦ ૧
રંકા તારે વંકા તારે, તારે સજન કસાઇરે;
સુવા પઢતા ગુણકા તારી, તારી મીરાંબાઇરે, બી૦ ૨
કડવી વેલકી કડવી તુમડીયાં, સબ તીરથ કર આઇરે;
ગંગા ન્હાઇ જુમનાં ન્હાઇ નાહીં મીટી કરવાઇરે. બી૦ ૩
માટી ચુન ચુન મહેલ બનાયા, મુરખ કહે ઘર મેરારે;
નહી ઘર તેરા નહી ઘર મેરા, એક દિન જંગલ ડેરારે. બી૦
રાવણ માર રામ ઘર આયા, અજોધા ફીર બસાઇરે;
તુલસીદાસ પ્રભુ શરન તુમારે, આનંદ ઉર ન સમાઇરે. બી૦ ૫

પદ

(રાગ કાફી)

ભજી લેને સીતા રામ, અબ તેરો દાવ બન્યોહે;
ભજી લેને સીતા રામ૦ ટેક.
આય અચાનક કાલ ગ્રહેગો, તબ તેરો કોન જમાન. અ. ૧
તરિ ગયે ગીધવા ગજ ગુનકા, એસા સમર્થ હે રામ. અ. ૨
માત પિતાયે તુને જન્મ દિયોહે, એળે ખોયો અકામ; અ. ૩
જન્મ ધરિને તેં તો ધર્મ ન કિનો, દેહ ધરીને અભિમાન.
અબ. ૪
સંત સંગત હરીકી ભકતી ન કીની, ગાફલ ફરિયો રાન.
અબ. ૫
તુલસીદાસ ભજો દસરથ નંદન, સુમરન આઠો જામ. અ. ૬

પદ.

(નાથ કેસે ગજકો બંધ છોડાયો) એ રાગ.

નાથ તમે જાનત હો સબ ઘટકી,
મીરાં ભકતી કરે પરઘટકી; નાથ તમે જાનતહો સબ૦ ટેક.
ધ્યાન ધરી મીરાં ફેર સમરલો, સેવા કરે રઘુવીરકી;
સાલીંગરામકુ ચંદન ચઢાવત, ભાલ તીલક બીચ ટપકી.
નાથ તમે૦ ૧
કૃષ્ણ મંદીરમાં મીરાંબાઈ નાચત તાલ મૃદંગ વાજે
ચટકી. નાથ તમે૦ ૨
રૂમઝુમ પાએ ઘુઘરૂ બાજત, લાજ ખોસોરે ઘુંઘટકી.

નાથ તમે૦ ૩
વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા, સાધુ સંગાથે મીરાં અટકી. નાથ તમે૦ ૪
કરી ચરણામ્રત પી ગયાં મીરાં, શીશી બની અમ્રીતકી. નાથ તમે૦ ૫
ઘરકી નીકલી ચલીરે કેદારે, સિરપર ગાગર મટુકી. નાથ તમે૦ ૬
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, જેસી દોરી ખેલત નટકી. નાથ તમે૦ ૭

પદ

તુંતો હરી ભજતાં વિલંબ ના કરરે હો લાડકડા મનુવા;
આરે સંસાર કાંટા કેરી વાડી, તેમાં સમજ સમજ પાંઉ ધરરે. હો લાડકડા મનુવા. ટેક
છત્રપતી ગજપતી કહાવે, બેઠા સીંગાસન ચમર ઢોળાવે;
હાંરે તુંતો કાળ ચક્ર થકી ડરરે હો લાડકડા મનુવા. ૧
દયાનો પ્રીતમ પ્યારો પ્રાણ સનેહી, તારા ચિતમાં ચીંતા મગી ધરરે. હો લાડકડા મનુવા. ૨

પદ.

ભુલે ભક્તિ વિસારી, મનરે તેં ભુલે ભક્તિ વિસારી;
કમળ નેનકી શેવા ન કીની, જીતી બાજી હારી. મન. ૧
બાલપણો ખેલનમે ખોયો, જોબન ભયો સંગ નારી;
વૃધ ભયો જબ આળસ આવી, સરવસ બેઠો હારી. મ.૨

જબ લગી જરા રોગ નહી વાપ્યો, ભજલે દેવ મોરારી;
સુરદાસ કહે તે તસુવેરો, અંતકાળ તોપ્યે ભારી. મ. ૩

પદ પરમાત્માની સ્તુતી.

(રાગ પ્રભાત.)

આંખલડી ઉઘાડીરે, સામુ જુવો સામળારે;
દુખ કેમ પામેરે તમારો દાસ. અમને તો નહી લાગેરે;
લાજ તમને આવશેરે, નામ ધર્યું તમે દીન દયાળ. આં. ૧
સમુદ્ર વલોવ્યોરે, પરીબ્રહ્મ પાતાળમાંરે;
વલોવીને કાઢ્યાંરે ચૌદ રતન, મન રાવણ રવેયોરે;
વાસુદેવ જ્ઞાને તર્યારે, તે ટાણે નટવર બાળે વેસ;
અંગનો પરસેવોરે, અતી ઓપે ઘણોરે;
શોભે ખીટળીયાળા કેશ. આંખલડી. ૨
પ્રહ્લાદ ઉગાર્યોરે; સ્થંભમાં પ્રગટીયારે;
સમરથ કીધીરે, કેવી સહાય;
કાળીનાગ નાથ્યોરે, જરાસનને જીતીયોરે;
રાય છોડાવ્યા વીસ હજાર, આંખલડી.
લાખા ગૃહુમાંથીરે, પાંડવ ઉગારીયારે;
રાખ્યા ગજદર જદુવીર;
દ્રૂપદીની વેળારે, પ્રભુજી પોતે હતારે;
પુર્યા નવસેં નવાણું ચીર. આંખલડી. ૪
અસુર સંહાર્યારે, ફરી ફરી અવતાર્યારે;
રાખ્યા પોતા કેરા જન,

દયા કરી દાસનેરે, નરસૈના સ્વામીયેરે
સોપ્યું સૌ તન મન ને ધન. આંબલડી. ૫.

પદ

રૂડીને રઢીયાળીરે; વાલા તારી વાંસળીરે,
તેતો મારા મંદીરમાં સંભળાય. રૂડીને ટેક
જીવડો આકુળ વ્યાકુળ થાય,
પાણીડાને મસેરે, બેની જોવા નીસરીરે. રૂડીને. ૧.
ઉઢાણી ભરાવીરે, આંબલીયા ડાળ;
બેટલુ તે મેલ્યુરે, સરોવરીયા પાળ. રૂડીને. ૨
કાહાન કોડીલારે, છેડો મારો સાહી રહ્યારે;
મુકો મુકો પાતળીયા હો કાહાન. રૂડીને. ૩
મુકો મુકો છેલ છબીલા ભગવાન;
ત્યાંહાંતો મારી ગઇ છે શુધને સાન. રૂડીને. ૪
નરસૈયાના સ્વામીરે, બેની મને ત્યાં મળ્યારે;
વાલે મારે ફરીને રમાડ્યાં રાસ. રૂડીને. ૫

પદ

રાજા રણછોડ મેરો મન હર લીનો રાજા રણછોડ;
ત્રીકમ માધવ શ્રી પુરશોતમ, કુંવર કલ્યાણની જોડ. મે.
આરાપારા રત્નાગર સાગર, ગોમતીજી કરત કલોલ. મે.
મોર મુગટ પીતાંબર સોઇયે, કુંડળકી જકઝોળ. મે.
બાર કોસકી ઝાડી લગતહે, કાબા બસત કરોડ. મે.
બોંદ્રાબનકી કુંજગલનમે, જેજે જુગલ કીશોર. મે.
દાસ પીપાકી એહી અરજહે, શરણ રાખો રણછોડ. મે.

આરતી.

(સુણો સામળા હું તમ માટે ઘેલી થઇ જો) એ રાગ.

પ્રભુ ભજન વિના પલક જાય છે વૃથા જો,
માનો માવઠાનો મેઘ જાય છે જથા જો. પ્રભુ. ૧
કામ ધામના કળેશમાં કળી રહયો જો,
આઠે પોહોર માયા મોહમાં મળી રહયો જો. પ્રભુ. ૨
સ્વરૂપ વિચારયું નહી સચીદાનંદનું જો,
ગુણાતિત ધ્યાન ના કરયું ગોવીંદનું જો. પ્રભુ. ૩
જેના નામથી અનેક પાપ જાય છે જો.
એવા નામીને ભજે તો સુખ થાય છે જો. પ્રભુ. ૪
પરા ભક્તી પ્રેમ લક્ષણા આવ્યા વિના જો,
મુળ મનથી ન જાય દુષ્ટ વાસના જો. પ્રભુ. ૫
પ્રેમ થાય પ્રીછ હોય ગુરૂ જ્ઞાનની જો,
વિના પ્રીછ વૃતી ના રહે દ્રઢ ધ્યાનની જો. પ્રભુ. ૬
સમજો એમ નાચે કુદે ના મળે હરીજો,
એક ઠામ ચિત રાખીને જુવો ઠરી જો. પ્રભુ. ૭
પુરણ બ્રહ્મમાં સ્નેહ રહે જેહનો જો,
છોટમ ધન્ય દેહ ધર્યો દેહ તેહનો જો. પ્રભુ. ૮

પદ.

મન ભમરા ભજન તજી શું ભમે છે,
પ્રભુપદ પંકજ પરહરી, તને ભંગુર ભોગ ગમે છે.
હો ભમરા ભજન તજી શું ભમે છે. ટેક

વિશ્વ વાડી કીસ્તારનીરે, કલ્પીત કારમુ કામ;
ઉપજ્યા પછી લય થાયછે, તેનું નજડે રૂપને નામ. ભ.
શ્વાસ તણી મુરતી બનીરે, આભ ધનુષનો રંગ;
જોતાં જોતાંમાં જાયછે, તેમાં નહી કોઈ કોઇનો સંગ. ભ.
આપણી આંખો આગળેરે, સુરા સુજાણ શ્રીમંત;
મરદ ઉડી ગયા ગરદમાં, જે બહુ જોધા બળવંત. ભ.
ભુમી ઉપર થયા ભુપતીરે, જગત હુકમમાં હજુર;
વૈભવવાળા વિશ્વમાં તે, વહીગયા વેહેતે પુર ભ.
ગજ ઘોડા રથ સાહબીરે, ધામ ધરા પરિવાર;
પળ એકમાં મુકે પડયું, એવો મૃત્યુનો મોટો માર. ભ.
ધન પદ જોબન કેફમાંરે, ગર્વ કરે તે ગુમાર;
પુષ્પની સેજાએ પોઢતા, એવા છત્રપતી થયા છાર. ભ.
સઉના સિર ઉપર ફરેરે, કાળ ચક્ર કરાળ;
અંધ ન લહે અજ્ઞાનમાં, જેની ફટકે ત્રીલોકને ફાળ. ભ.
જાવું સર્વને જરૂર છેરે, કર સમરણ કીરતાર;
જો હોવશે ઘર ના જડયું, તેને આગળછે અંધકાર. ભ.
છોટમ એવું જાણીનેરે, ભજ સમરથ ભગવંત;
પ્રભુ ન લહ્યા તે પ્રલે થયા, જેવા ચોમાસાના જંત. ભ.

૫૬.

(જનુની જીવોરે ગોપીચંદની.) એ રાગ.

મોટમ મુકોરે મન થકી, અનર્થ મુળ અભિમાનજી;
સમર્થ સરજનહાર છે, ધરો તેહનુ ધ્યાનજી. મોટમ. ૧

કોય મોટા કારભારથી, કોયને જરતણું જોરજી;
કોઇક મોટેરા બળવડે, અંતે ઇશ્વરના ચોરજી મોટમ. ૨
કોઇક મોટી કરામતે, બુદ્ધિ બળ પરચંડજી;
ભજન વિનારે ભય નહી ટળે, જડશે જમકેરો દંડજી મો. ૩
ફુલ ન સાંખેરે ફુલની, તજે તરૂવર તેહજી;
માટે ન ફુલીશ માનવી, ખરશે ક્ષણમાંહે દેહજી. મો. ૪
પરવશ સહુનારે પીંડ છે. જીવન ચપળ જરૂરજી;
જબકી જાયરે જેવી વિજળી, એવું જાણીલે ઉરજી. મો. ૫
મુઢ જાણે મરવું નથી, મોટમ મનમાં અપારજી;
કાળ ભયંકર કઠણ છે, છત્રપતિ થયા છારજી. મોટમ. ૬
નાનપણે ગ્રહો નમ્રતા, ભાવે ભકતીને જ્ઞાનજી;
જગત કરેલું જુગદીશનું, સુખ દુખ સૈને સમાનજી. મો. ૭
ઇશ્વર જેણેરે ઓળખ્યા, તે નર મોટા મહંતજી;
બીજા બિચારાએ શું કર્યું, રહ્યા જંતના જંતજી. મો. ૮
ભકતી કરી જે ભલા થયા, તેનું જગમાંહે નામજી;
છોટમ ભજો ભગવંતને, મળશે મોટેરા ઠામજી. મો. ૯

૫૬,-સુખ દુખ ન આણવા વીશે.

(રાગ ઉપરનો.)

સુખ દુખ મનમાં ન લાવીયે, ઘટ સાથેરે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે. રઘુનાથનાં જડીયાં સુખ. ૧
નળરાજા સરખો નર નહી, જેની દમયંતી રાણી;
અડધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળે અન્નને પાણી. સુ.

પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં. નયણે નિંદ્રા ન આણી. સુ.
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી માહા દુઃખ પામી. સુખ.
રાવણ સરીખો રાજીયો, મંદોદરી રાણી;
દસ મુસ્તક છેદાઇ ગયાં, બધી લંકાં લુટાણી. સુખ.
હરીશ્ચંદ્ર રાય સતવાદીયો, તારાલોચની રાણી;
તેને વિપ્રતી બહુ પડી, ભર્યાં નીચઘેર પાણી. સુખ.
શીવજી સરખા તપસી નહી, જેની પારવતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ.
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભુદરે, મેહેતા નરસૈના સ્વામી. સુખ.

પદ.

બળજો આ સંસાર, હોય ત્યાંથી બળજો આ સંસાર. ટેક.
સગાં સંબંધોનો પાશ રચીને,
દુઃખની દેનારી છે નાર. હોય ત્યાંથી ૧
પળ માત્ર પ્રભુનું ધ્યાન ન થાએ,
એવો નઠારો વ્હેવાર. હોય ત્યાંથી૦ ૨
સ્વારથીયો સંસાર છે સરવે,
આત્માને દુઃખનો દેનાર. હોય ત્યાંથી૦ ૩
ઠાલા આવ્યાને ઠાલા જાવું,
સીદને વ્હેવો વૃથા ભાર. હોય ત્યાંથી૦ ૪

જગનનાથ કહે હરિ કૃશ્ન ભજીએ તો,
ઉતરીયે ભવ પાર. હોય ત્યાંથી૦ ૫

પદ

શું કહીયે બહુ કથી,
ભાઇરે તમને શું કહીયે બહુ કથી. ટેક.
પંચ વિષયનો ત્યાગ કર્યા વિના,
મોક્ષ થવાનો નથી. ભાઇરે તમને૦ ૧
દુઃખરૂપી સંસાર સાગરમાં,
શાદને મરો છો મથી. ભાઇરે તમને૦ ૨
કામ લોભ સ્વાદ સ્નેહ માન,
તેણે માર્યા મોટા આહારથી. ભાઇરે તમને૦ ૩
જગંનાથ કહે હરિ કૃશ્નને ભજો,
મુકો માયા સર્વથી. ભાઇરે તમને૦ ૪

પદ.

માથે ભમે છે કાળ,
મુરખ ચેત માથે ભમે છે કાળ. ટેક.
આયુશ્ય શહુ તારૂં વહી ગયું,
પણ ત્રશ્ના વધીરે વિશાળ. મુરખ ચેત૦ ૧
સગાં કુટુંબી સરવે છે જુઠું,
જુઠાં છે સ્ત્રીને બાળ. મુરખ ચેત૦ ૨
એક ઘડી એકાંતે બેશી,
નથી ભજતો ગોપાળ. મુરખ ચેત૦ ૩

અકલ હીણુ તને જ્ઞાન ન થયું.
ગુરૂને બેસારી ગાળ. મુરખ ચેત૦ ૪.
કેસ સર્વે તારા કાળા મટીને,
થઇ ગયા ધોળા વાળ. મુરખ ચેત૦ ૫
મુક્તી પામ્યાની ઇચ્છા કરૂં તો,
વિષયની વાસના ટાળ. મુરખ ચેત૦ ૬
પશુનીપેરે વિષય ઘણા ભોગવ્યા,
મુકને મુરખ હવે છાલ. મુરખ ચેત૦ ૭
આ અવસર હરી નહી ભજે તો,
જમદુત છેદશે ખાલ. મુરખ ચેત૦ ૮
હાથી ઘોડા વૈભવ મળ્યો,
તેણે શું થયો તું ન્યાલ. મુરખ ચેત૦ ૯
બારે અંહી બેશી નથી રહેવું,
જાવું છે આજ કે કાલ. મુરખ ચેત૦ ૧૦
જગનાથ કહે હરિ કૃશ્નને ભજી,
બ્રહ્માનંદ સુખમાં માહાલ. મુરખ ચેત૦ ૧૧.

પદ.

કહેતાં આવે છે લાજ,
વારે વારે કહેતાં આવે છે લાજ. ટેક.
હાથી ઘોડાને રાજ વૈભવ મળ્યો,
તેથી શું શોધ્યું તારૂં કાજ. વારેંવારે૦ ૧
હરી સંઘાથે હેત ના કીધું,

વિષયનો રચ્યો સમાજ. વારેવારે૦ ૨
સદાય અંહીયાં રહેવાનું નથી,
જાવું છે આજ કે કાલ. વારેવારે૦ ૩
જગંનાથ કહે માયા પરપંચ મુકી,
હરીની ભક્તીમાં ગાજ. વારેવારે ૪

પદ.

નહિ કરૂં નહી કરૂં નહી કરૂં,
ભક્તિ વિના ઉદ્યમ બીજો નહી કરૂં. ટેક.
શ્રી હરિ કૃશ્નની ભકતી કરી તેથી
કારજ મારૂં સૌ સરયું. ભકતી વિના૦ ૧
દુઃખરૂપી સંસાર સાગરમાં,
હવે કુટાઇ હુંતો નહીં મરૂં. ભકતી વિના૦ ૨
શુદ્ધ ભાવે સેવી પુરષોતમને,
કાળ થકી હવે નહીં ડરૂં. ભકતી વિના૦ ૩
હરીની ભકતીમાં વિઘન કરે તેને,
જાણું છું હું તો વાઘ વરૂ. ભકતી વિના૦ ૪
સંસાર સુખ મુને કાંઇ નથી ગમતું,
એ વાકય હુંતો કહું ખરૂં. ભકતી વિના૦ ૫
પ્રીત સહીત શ્રી પુરષોતમનું,
ધ્યાન સદા રૂદે ધરૂં. ભકતી વિના૦ ૬
ચતુર વરનું ચિંતવન કરીને,
ચોરાશીના ફેરા નહીં ફરૂં. ભકતી વિના૦ ૭

જગંનાથ કહે હરી કૃશ્ન વિના,
બીજાને હવે નહી વરૂં. ભકતા વિના. ૯

આખ્ખા.

૧.

જુઠી છે જગતની બાજીરે, જોઈ કોઈ થાશોમાં રાજી;
સ્વપ્નામાં રાજપાટ મળ્યું, ને હાથી ઘણા બાજી;
જાગી જુવે તો પીડા શરીરમાં, બળે છે દાઝીરે. જુ.
સગાં સંબંધી સર્વે જુઠાં, સમજી ઝાઝી;
એક નિમિશમાં ઉડી જાશો, આતશાની બાજીરે. જુઠી.
માયામાં સર્વે વિશ્વ મોહયું, પંડિત પુરાણી કાજી;
નટડી માયા બાસડાં દીઠ્ઠે, સઉ મરે છે બાઝીરે. જુ.
આત્માને કાંઈ કામ ન આવે, સમજી ઝાઝી;
ધર્માનંદ કહે હરિ કૃશ્ન ભજો તો, સદાય રહીયે સાજરે.
જુઠી છે જગતની બાજીરે.

૨.

ભાઈ તમે ભજી લીયો હરી, નિસ્ચે જાવું છે મરી. ટેક.
નાના મોટાનો મેળ ન કાંઈ, કાયા છે જરજરી;
પંચ પાચનો દેહ બંધાયો, એમાં કઈ વસ્તુછે ખરી. ભાઈ.
કર્યા કર્મ તારે આડાં આવશે, ને ડગલાં ભરજો ડરી;
માલ ખજાના ને મેડીયો એતો, સર્વે રહેશે ધરી. ભાઈ.
આવ્યા ત્યારે સંગે શું લાવ્યા, શું જાશો ભાર ભારી;

હાશા આવ્યાને ભુલા જાશો, વેઠે વેણું દળી. ભાઇ.
મનુષ્ય દેહ દેવતાને દુર્લભ, આવે નહી ફરી ફરી;
ધર્માનંદ કહે ભજો હરી કૃષ્ણ, સુખ થશે સર્વોપરી. ભાઇ.

૩.

સિખામણ અંતરમાં ધારી, ભજો હરીકૃષ્ણ હેતકારી ટેક.
નવ માસ ઉદરમાં રહેવું, દુખ થશે અતિ ભારી;
કીડા કરમીયા તનને કરડે, ચીસો નાખે પોકારી. શીખા.
અતિ નકારૂં નર્કનું ખાડું, દુરગંધ છે નઠારી;
જઠરા અગનીની ઝાળમાં બળે, વ્હેનેણુંમાં વારી. શીખા.
માથું હેઠુંને પગ છે ઉંચા, લાગે નહી લેશકારી;
ગર્ભવાસનાં દુઃખ અતીરો, કેટલાં કહું વિસ્તારી. શીખા.
દુખીયો દેખીને દયા કરીને, કાઢયો દેવ મોરારી;
ધર્માનંદ કહે હરીકૃષ્ણ વાહાલાને, ઉરમા લે ઉતારી. શીખા.

૪.

જીવ તું માયામાં મોહયોરે, મોઘો મનુશા દેહ ખોયો. ટેક.
બાળપણું રમતમાં ખોયું, વૃથા નીર વલોવ્યો;
જોબન આવ્યું ત્યારે મદમાં માતો, ચીત ત્રીયામાં પ્રોયો.
જીવ તું માયામાં. ૧
સત્ય પુરૂષનું કહયું ન માને, વચન બોલે છે કોહાયો;
કારતક માસના કુતરાની પેઠે, ડોલે છે રઘવાયો. જી, ૨
આઠ ઘડીમાં એક ઘડી, પ્રભુ ભજે નહી છોયો;
આશરદામાં અગની ઉઠી, મનુષ્ય દેહ વગોવ્યો. જીવ ૩

આખો જન્મારો ચાલ્યો ગયો, પણ તપાશી ના જોયો;
ધર્માનંદ કહે હરિકૃષ્ણ ભજ્યા વિના, માથુ કુટીને રોયો.
જીવ તું માયામાં મોહયો. ૪

૫.

જીવ તું ત્રશ્નામાં તણાણો, મોટમનો બાંધ્યો ગળે પાણો. ટેક
બાઇ છોકરાંને ધન ભેગું કીધું, ઘણાક પૈસા કમાણો;
સાધુ બ્રાહ્મણને મારવા દોડે, આપે નહી કોઇને દાણો. જી.
નાત જાતમાં ડાહ્યા થવાને, વાતો કરે સીઆણો;
પ્રભુને મારગ પાઇ ના વાવરે, અવળે મારગે લુટાણો. જી.
સત્ય પુરૂષનો સંગ ના ગમે, અહંકારમાં અવળાણો;
કામ લોભ સ્વાદ સ્નેહ માન. વિષયમાં લોભાણો જી.
પ્રભુના ચર્ણમાં પ્રીતી નહીને, જમના હાથે વીચરાણો;
ધર્માનંદ કહે હરીકૃષ્ણ ભજ્યા વિના, આવશે કઠણ ટાણો.
જીવ તું માયામાં મોહયો.

૬.

જીભડી હરી ગુણ નવ ગાયેરે, હડકઇ વઢવાને ધાયે; ટેક
આખો દહાડો લવલવ કરતાં, પળ માત્ર નવ કાયે;
પ્રભુ ભજવાની વાત કરે તો, મારવા સામી થાય. જી.
પરનિંદામાં સુરીપુરી, મનમાં ઘણું મકલાય;
કથા કીરતન થતાં હોય ત્યાં, જાતાં ઘણી લજાય. જી.
મનમાને તેમ મુખથી બોલે ને, રાક્ષણી સૌને ખાયે;
વારવાનું કોઇ વચન કહે તો, કરાવે ત્રાહ ત્રાહ. જી.

જન્મ મરણનાં દુખ મટાડે, જીભડી તું દુખદાય;
ધર્માનંદ કહે હરી ક્રશ્ન ભજેતો, આત્માનો મોક્ષ થાય. ૭.

પદ.

(રાગ ગરબી.)

ઝટ ઝડપી લેશે તને કાળરે, જાતાં વાર નહી લાગે.
માટે મોહનનો મારગ ઝાલરે, જાતાં વાર નહી લાગે.
તારા મનમાં જાણુ લેઉ ચોદ લોકરે, જાતાં વાર નહીલાગે.
પણ ઓચીંતી પડશે તારી પોકરે, જાતાં વાર નહી લાગે.
બધા વિશ્વના ભોગવ્યા ભોગરે, જાતાં વાર નહી લાગે.
તોયે ટળ્યો નહી ત્રશ્ના રોગરે, જાતાં વાર નહી લાગે.
મનના વિચાર રહેશે મનમાંહ્યરે, જાતાં વાર નહી લાગે.
જમડા આવીને ઝાલશે જ્યાંહરે, જાતાં વાર નહી લાગે.
શા સુખમાં કરે ફુલાફુલરે, જાતાં વાર નહી લાગે.
કાચી કાયા થઇ જાશે ધુળરે, જાતાં વાર નહી લાગે.
ત્રીયા તનમાં રહયો તું મોહીરે, જાતાં વાર નહી લાગે.
અંત સમે નથી તારૂં કોઇરે, જાતાં વાર નહી લાગે.
મરડે મુછો અભિમાન ભરપુરરે, જાતાં વાર નહી લાગે.
ઉડી જાશે જેમ આકડાનાં તુરરે, જાતાં વાર નહી લાગે.
જગનનાથ કહે જીત્યા કાળ તેહરે, જાતાં વાર નહી લાગે.
જેણે કીધો હરીક્રશ્નમાં સ્નેહરે, જાતાં વાર નહી લાગે.

પદ ૨ જું. રાગ ઉપરનો.

તારી અવળી અભાગીયા ચાલરે હરી વશ કેમ થાશે.

મારે ભવખંધનનું દુખરે, જીવડા કેમ જાશો. ટેક.
કરે કુકર્મ જાતના કઠોરરે, હરી વશ કેમ થાશો;
પાપી તારાથી પાધરાં ઢોરરે, હરી વશ કેમ થાશો. ૧
ચોરી કરવામાં ચાહ્ય તારૂં ચીતરે, હરી વશ કેમ થાશો;
પરદારામાં પુરણ પ્રીતરે, હરી વશ કેમ થાશો. ૨
જુઠું બોલવાનું ઝાઝું જરૂરરે, હરી વશ કેમ થાશો;
ભુંડું ભાખવામાં ભરપુરરે, હરી વશ કેમ થાશો. ૩
વ્યસન કરવામાં વાહાલપણુ વાધ્યુંરે, હરી વશ કેમ થાશો;
મુવા મેલડુ શીકોતરૂં સાધ્યુંરે, હરી વશ કેમ થાશો. ૪
જોતાં જીવનો કરે ઝટ નાશરે, હરી વશ કેમ થાશે;
તારાથી તુર્ત પડે ત્રાસરે, હરી વશ કેમ થાશો. ૫
નથી ભજન ઉપર કાંઇ ભાવરે, હરી વશ કેમ થાશો;
પાપી ચઢયો તે પાપને નાવરે, હરી વશ કેમ થાશો. ૬
હૈયે શીદને ધરે છે હર્ખરે, હરી વશ કેમ થાશો;
નક્કી નાંખે છે તારે નર્કરે, હરી વશ કેમ થાશો. ૭
ખેહેચર બોલે તે વાણીને ખાબરે, હરી વશ કેમ થાશે;
હરી કૃશ્નનું શરણું ઝાલરે, હરી વશ કેમ થાશો. ૮

પદ ૩ જું રામ ઉપરનો.

મારે ભુંડાં કરે કુકર્મરે, જીવડા જઇશ નરકે;
હૈયા સંગાથે હર્ખરે, જીવડા જઇશ નરકે. ટેક.
નરનારી મળી રમે હોરીરે, જીવડા જઇશ નરકે.
ચેત એ છે પ્રભુની ચોરીરે, જીવડા જઇશ નરકે. ૧

વિવા વખતે ભણુ ભુંડાં ગીતરે, જીવડા જઇશ નરકે;
અતી જાણુ પ્રભુ અનીતરે, જીવડા જઇશ નરકે. ૨
જુ લીખો મારે ઝટોઝટરે, જીવડા જઇશ નરકે;
મારે ચાંચડ માંકણુ મટોમટરે, જીવડા જઇશ નરકે. ૩
નારી નરને ઠરાવે નીત્યરે, જીવડા જઇશ નરકે;
પર નારીમાં પુરણુ પ્રીતરે, જીવડા જઇશ નરકે. ૪
બંધ્યો રહે મશકરીયોમાં મુઢરે જીવડા જઇશ નરકે;
ભુંડા ભમતો હીંડે જાણે ભુંડરે, જીવડા જઇશ નરકે. ૫
પાપી કરે દારૂનું પાનરે, જીવડા જઇશ નરકે;
ભોગા ભુલી શરીરનું ભાનરે, જીવડા જઇશ નરકે. ૬
ગાળો ભાંડે ઘણી કરી ખેવરે, જીવડા જઇશ નરકે;
તુચ્છ જનને તારી છે ટેવરે, જીવડા જઇશ નરકે. ૭
રડે કુટેને ચુંટે કેશરે, જીવડા જઇશ નરકે;
હૈયે ક્રોધ વ્યાપેલો હમેશરે, જીવડા જઇશ નરકે. ૮
ખેચર ખતાવે બોલી બોલરે, જીવડા જઇશ નરકે;
તારી મેળે તું કરજે તોલરે, જીવડા જઇશ નરકે. ૯

પદ.

વિષના જીવડા વિષયમાં સીદને મરે છે,
તારી પુંઠે કાળ ફરે છે રે. વિષયના જીવડા. ટેક.
હળાહળ વીખ છે વિષય, એમાં નથી કાંઇ સુખ;
જે જન મોહ્યા એમાં, તે પામ્યા કોટીક દુખરે. વિષ.
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, દુઃખનું કારણએહ;

ચોરાશીમાં ભટકાવે, ભુંડા ધરાવે દેહરે. વિષયના.
જેને વિષયમાં પ્રીતી તેને, ભવનો પાર ન આવે;
જમના દુત અતિશે મારે, પીડા ઘણેરી થાવેરે. વિષય.
વિષયને તજ્યા વિના કોઇને શાંતી ન થાય;
બ્રહ્મચર કહે સત્ય કહું છું, વેદ શાસ્ત્ર ગાયરે. વિષયના.

પદ.

માયાના જીવ માયામાં શીદ લલચાયરે;
તારૂં આયુષ ઓછું થાયરે. માયાના જીવ૦ ટેક.
ઇંદ્ર લોકનું આસન આવે, વિષય ભોગવ્યા અપાર;
તોયે તૃપ્તી થાય નહીં શીર સહે જમનો માર. માયાના. ૧
કોઇ કાળે રાજા થયો, કરયું વિશ્વનું રાજ;
કોઇ કાળે રાંક થઇને, ફરતો અંનને કાજરે. માયાના. ૨
કોઇ વખત સુબો થઇ બેઠો પાડે છડીદાર હાંક;
કોઇ સમે ખર થઇને, મશાણ ભુંકતો રાખરે. માયાના. ૨
ચૌદ લોકમાં સુખ નથી, એ સિદ્ધાંત છે સાર;
બહ્મચર કહે હરીકૃષ્ણને સેવીયે, ત્યારે ઉતરીયે પારરે. મા. ૩

પદ, જોગી વીશે.

જોગી રંગ્યા તેરા કપરા, મન નહી રંગ્યા;
દીલ નહી રંગ્યા; જોગી રંગ્યા તેરા કપરા મન
નહીં રંગ્યા. ટેક.
ગર્ભવાસે જોગે ભકતી કબુલી, બહાર આકી જો-
ગો ભયા નુગરા. જોગી૦ ૧

કાનમેં મુંદ્રા ગલે બીચ સેલી, ડાઢું વધારી જોગી
ભયા ફુકરા. જોગી૦ ૨
સબ સુખ છોડી જોગી ગુફામાંરે પેઠા, કામ જ-
લાવી જોગી ભયા હીજરા. જોગી૦ ૩
કાયકુ ચાર ધામ ફીરત હો, સતગુરૂ મેલી પુજત
નુગરા. જોગી૦ ૪
કહેત કબીરા સુનો મેરે સાધુ, સતગુરૂ મીલેતો
મીટે ઝઘરા. જોગી૦ ૪

પદ.

તુમ કોન હો મીયાં કહાંસે આયે કીધર જાઓગે. ટેક.
આયે તરતજ રોતે હો, કયા લાયે કયા ખોય ગયે;
ઇતના તુમ બતલાવો હમસે, અખીયાં ખોલો બાત કરો;
જાહેર કરો કયા ઢાંકેહો. તુમ૦ ૧
આયેથે તુમ ઉસ નગરીસે, મોજ સરેયાં સુખ દેખો;
ડરતે રહીયો વા દીનસે, એશી કરણી મત કરીયો;
નહીં યાંકે તાહીં વાંકેહો. તુમ ૨
ઉસ રબકુ તુમ યાદ કરો, જીન તુમકુ પેદા કીયે;
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, કરના હોયસો અબ કરો.
તુમ કુનહો મીયા કાંહાંકે.

ગરબી.

મન જીત્યા વીના મોહ મમતા મરે નહીં,
અનેક અપાર કરે બીજા ઉપાય જોઃ

મનમાં મેલ જ્યાં સુધી વળગી રહે,
સાધન ત્યાં સુધી એકે શીધ ન થાય જો. મન૦ ૧
મન માયાના સંકલ્પ કરે અતી ઘણા,
તેની શીધ્ધી થાય નહી લગારજો;
તેથી મનમાં ત્રીવીધીના તાપ ઉપજે,
તેમાં ઘણું પીડાયે નરને નારજો. મન૦ ૨
મનની મોહોખતથી મોટા કાંઇ મરઇ ગયા,
લીધો શરૂી એકલસૃંગી મુનારાય જો;
એવો અતી મનરૂપી શત્રૂ આકરો;
તેને ના ધીરે તે ધર્મવાળો કહેવાયજો. મન૦ ૩
જગંનાથ કહે જીત્યું મન ત્યારે જાણીયે,
હરી ક્રશ્નની આજ્ઞા ન લોપે લશ જો;
મનમાં મુરતી મોહનની વશી રહે,
ના રહે કોપર રંગ રાગને દ્વેષ જો. મન૦ ૪

૫૬.

(હાંરે કેમ ભરીયેરે કેમ ભરીયે.) એ રાગ.

હાંરે ચેતી લેનેરે ચેતી લેને; હાંરે તારે માથે છે કાળ.
જમડા જાય છે તુને મારવા, ચેતી લેને. ૧
હાંરે ભુલી ગયોરે ભુલી ગયો, આત્માનું ભાન;
રહયો માયામાં મહાલીને, ચેતી લેને. ૨
હાંરે તુને આપીરે તુને આપી. નર દેહી નાથ;
જાય છે વૃથા આલીને, ચેતી લેને. ૩

હાંરે તારો સાથેરે તારી સાથે, નહીં આવે લગાર;
જાઇશ હાથ ખાલી કરીને, ચેતી લેને. ૪
હાંરે ધર્માનંદ કેહેરે ધર્માનંદ કહે, ભજીસે હરી કૃષ્ણ;
રહયો છું જુઠું ઝાલીને, ચેતી લેને. ૫

પદ ૨ જુ રાગ ઉપરનો.

હાંરે નથી તારૂંરે નથી તારૂં, હરિકૃષ્ણ વિના કોય;
મિથ્યા કહેછે મહારૂં મહારૂંરે, નથી તારૂં. ટેક.
હાંરે તુને ચટયોરે તુને ચટયો, જુવાનીનો મદ;
મોહયો જોઇ ચામ આળુંરે, નથી તારૂં. ૧
હાંરે સંબંધીરે સંબંધી, કરે સ્વારથે પ્રીત;
અંતે નથી કોઇ તારૂંરે, નથી તારૂં. ૨
હાંરે મેલી દેનેરે મેલી દેને, મમતા મતિ મુઢ;
લાગશે જમનું લારૂંરે, નથી તારૂં. ૩
હાંરે ધર્નાનંદ કેહેરે ધર્માનંદ કેહે, ભજી લે હરીકૃષ્ણ;
તો તો થશે તારૂં સારૂંરે, નથી તારૂં. ૪

પદ ૩ જું રાગ ઉપરનો.

હાંરે જાગી જોનેરે જાગી જોને, તારૂં રૂપ સંભાર;
ચિત હરીમાં પ્રોનેરે, જાગી જોને. ૧
હાંરે માની લેનેરે માની લેને, તારા હીતની વાત;
મોહ નિંદ્રા હવે ખોનેરે, જાગી જોને. ૨
હાંરે તેં કાસારે તેં કીધાં, કુકર્મ અપાર;
ભજન કરીને ધોનેરે. જાગી જોને. ૩

હાંરે ક્રસી લેનેરે કરી લેને, સાચા સંતનો સંગ;
અવસર આવો માં ખોનેરે. જાગી જોને. ૪
ધર્માનંદ કેહેરે ધર્માનંદ કેહે, તેને થાશે સુખ;
હરી કૃશ્નમાં મોહનેરે, જાગી જોને. ૫

પદ ૪ થું રાગ ઉપરનો.

હાંરે મુકી દેનેરે મુકી દેને, માયાનો પાસ;
શરણું હરીનું લેનેરે, મુકી દેને.
હાંરે નીત કોપેરે નીત કોપે, આયુશનો કાળ;
પીંડ બ્રહ્માંડ થાશે ખેનેરે, મુકી દેને.
હાંરે મોટા ગયારે મોટા ગયા, છત્રપતી ભુપ;
કાળ ન મુકે કેનેરે, મુકી દેને.
ધર્માનંદ કેહેરે ધર્માનંદ કેહે, હરી કૃશ્નને ભજ;
તજી દે કાળના ભેનેરે, મુકી દેને.

આરતી.

આરતી જુગલ કીશોરકી કીજે,
તન મન ધન નોછાવર કીજે;
ગોર શામ મુખ નીરખત લીજે,
હરિકો સ્વરૂપ નેનભર લીજે.
રવી સસી કોટ બદનકીરે શોભા,
વા દેખત મેરો મન ગયો લોભા;
ફુલનકો પાઘ ફુલનકીરે માળા,

કુલન સીંગાર બન્યો નંદલાલા.
નંદ નંદ ભ્રખુભાન કીશોરી,
પરમાનંદ પ્રભુ અવિચળ જોરી.

———:0:———

તુલસીદાસ તથા કબીરજીના બનાવેલા દુહા.

રામ કીયા ઉને સબ કીયા, જોગ જગન આચાર;
જપ તપ તીરથ આદી લે, સબે નામકી લાર. સીયા.૧
રામનામકી લુંટ હે, લુંટ સકે તો લુંટ;
પીછે સેં પસ્તાયગા, જબ તન જાયગા છુટ. સીયા.૨
પઢયો ન બ્યાકરણ શાસ્ત્રકું, પઢયો ન વેદ પુરાણ;
પઢયા રામકો નામ નીત, ભલો પઢયો વે જાણ. સીયા.૩
રામ નામ સબસેં બડા, ઉનસેં બડા ન કોય;
જોઈ સમર્યા સોઈ બચ્યા, બાકી શુડ્યા સોય. સીયા.૪
તુલસી આ જગ આયકે, પાંચ રત્ન હે સાર;
સંત મીલન અરૂ હરીભજન, દયા દીન ઉપકાર. સીયા.૫
તુલસી આ જગ આયકે, કરને કે દો કાજ;
કુચ સાહેબકી બંદગી, ભુખેકું અનદાન. સીયા.૬
સંત સમાગમ હરીકથા, તુલસી દુર્લભ દોય;
દારા સુત અરૂ લક્ષ્મી, પાપીકે બી હોય. સીયા.૭
સત્ય બચન આધીનતા, પર ત્રીયા માત સમાન;

એતનેમેં હરી ના મીલે, તો તુલસીદાસ જમાન. સીયા.
તુલસી કહત પોકારકે, સુનો સકલ દે કાન;
હીમ દાન ગજ દાન તે, બડો દાન સનમાન. સીયા.૯
રામનામ જપતે રહો, જબ લગ ઘટમેં પ્રાન;
કબહુક દીન દયાલકે, ભણક પરેગી કાન. સીયા૧૦
પ્રાલબધ પેહેલે બની, પીછે બન્યા શરીર;
તુલસી યહ આશ્ચર્ય હે, મન નહી બાંધે ધીર. સીયા ૧૧
કરે કુસંગ ચાહે કુશળ, તુળસી યહ અફસોસ;
મહીમા ઘટી સમુદ્રકી, રાવણ બસે પરોશ. સીયા.૧૨
તુલસી આ સંસારમેં, સાઇ ભયે સમર્થ;
એક કચન એક કુચનકો, જીને ન પસારયો હસ્ત. સી.૧૩
મિટે ન મનકી કલ્પના, ગયે કલ્પતરૂ છાંય;
જબલગ દ્રવ્યને કૃપા કરે, જનક સુતાકો નાવ. સીયા.૧૪
રામ ભરૂસા રાખલે, અપને મનકી માંહ્ય;
કારજ સર્વે સ્વારહી, બીગંરેગો કછુ નાહી. સીયા ૧૫
રામ ભરૂસા છોડકે; કરે ભરૂસા ઔર;
સુખ સંપતકી કથા કહું, નરક ન પાવે ઠોર. સીયા.૧૬
યથા લાભ સંતોષ સુખ, રઘુપતી ચર્ણે સ્નેહ;
તુલસી જો મન બસ રહે, જસ કાનન તસ ગ્રહે. સીયા ૧૭
તનકર મનકર બચન કર, દેત ન કાહુ દુઃખ;
તુલસી પાતક ઝરતહે, દેખત ઉનકો મુખ. સીયા.૧૮
સોનાકુ કાઇ ન લગે, લોહા ઘુન નહીં ખાય;

બુરા ભલા જો ગુરૂ ભગત, કામહુ નરક ન જાય. સીયા.૧૯
તુલસી સોહી ચતુરતા, સોહી ચરણ લવલીન;
પરધન પરમન હરનકું વેસ્યા બડી પ્રવીણ. સીયા.૨૦
પાણી બાઢો નાવમેં, ઘરમે બાઢો દામ;
દોનું હાથે ઉલેચીયે, એહી સીયાકો કામ. સીયા.૨૧
એહી સીયાકો કામ, રામકો સુમરણ કીજે;
પરમારથકે કાજ, સીસ અપનો જા દીજે. સીયા.૨૨
હાથી ઘોડા ધન ઘણા, ચંદ્રમુખી બહુ નાર;
રામ બીના જમ લોકમેં, પાવત દુઃખ અપાર. સીયા.૨૩
તુલસી જો જપે હેતસે, સેવા જાને કોય;
નરકો બશ કરનો કહા, નારાયણ બશ હોય. સીયા.૨૪
તુલસી વીલંબ ન કીજીયે, ભજીએ રામ સુજાન;
જગત મજુરી દેતહે, ક્યું રાખે ભગવાન. સીયા.૨૫
હરીરામ જગ કછુ વસ્તુ નહી, પ્રેમ પંથ સમપંથ;
સતગુરૂ સમ સજ્જન નહી, ગીતા સમ નહી ગ્રંથ. સી.૨૬
પશુ ઘડંતાં નર ઘડયો, ભુલ્યો સીંગને પુંછ;
તુલસી હરીકી ભક્તી વિના, ધિક દાઢી ધિક મુછ. સી.૨૭
ચાર અઢારે પટ ભણ્યો, જ્ઞાન રહ્યા ભરપુર;
તુલસી સદ્ગુરુ ઉર નહી, જ્યું પંછી ચંડુલ. સીયા.૨૮
હરી ભજતાં બેટી ભલી, જાયા પુત્ર કપુત;
અજા કોટે લાળીયા, નહીં દુધ કે મુત. સીયા.૨૯
પશુકી પનીયાં બને, નરકા કછુ ન હોય;

નરકી કરણી નર કરે, તો નર નારાયણ હોય. સીયા ૨૦

ચલતી ચક્કી દેખકે, દીના કબીરા રોય;
દો પાટનકે બીચમેં, સાબેત ન રહે કોય. १
એરણકી ચોરી કરે, કરે સોયકો દાન;
ઊંચે ચઢકે દેખતે, કયું આવે બેમાન. २
તરૂવર સરોવર સંત જન, ચોથા કહીયે મેઘ;
પરમારથ કે કારણે, ચારૂને ધરીહે દેહ. ३
કથા કીરતન કળી વિશે, ભવસાગરકો નાવ;
કહેત કબીર જગ તરનકો, ઓર નહી ઉપાય. ४
કથા કીર્તન કરણકી, જાકી નીશદીન રીત;
કહે કબીર વા દાસસેં, નિશ્ચે કીજે પ્રીત. ५
સબી રસાયણ હમ કરી, નહી નામ સમ કોય;
રેચક ઘટમેં સંચરે, સબ તન કંચન હોય. ६
કોટી કોટી તીરથ કરે, કોટી કોટી કરે ધામ;
જબ લગ સાધન સેવીયે, તબ લગી કાચા કામ. ७
સાચે કોઇના પતીજઇ, જુઠે જગપતી આય;
ગલી ગલી ગોરસ ફીરે, મદીરા બેઠ બીકાય. ८
નરાઈ પરાઇ આપકી, ભોગે નરકે જાય;
આગ આગ સબ એકસી, હાથ દીયે જલ જાય. ९
જેહેર પરાયા આપના, ખાનેસેં મરજાય;
અપની રક્ષા નવ કરે, કહે કબીર સમજાય. १०
નારી નસાવે તીન ગુણ, જો નર પાસે હોય;

ભક્તી મુકની નીજ ધ્યાનમે, બેઠ સકે નહીં કોય. ૧૧
સાનેકો હરી નામ હે, દેનેકો અનદાન;
તરનેકો આધીનતા, ડુબનકો અભીમાન. ૧૨

સમાપ્ત.

જાહેર ખબર

——:0:——

છપાય છે.

સુબોધ માળા—એ નામનું નાનું પુસ્તક. થોડા દીવશામાં છપાઇ બાહાર પડશે. કીમત ફક્ત **બેજ પઇસા.**

અમારા છાપખાનામાં ઇંગ્રેજી, ગુજરાતી તથા બાળ બોધ વિગરે છાપવાનું કામ ઘણુંજ સસ્તી કીમતે, સફાઇદાર અને નીમેલી મુદતની અંદર કરી આપવામાં આવે છે. માટે જે સાહેબોને કાંઇપણ છપાવવું હોય તેમણે નીચેને શીરનામે કાગળ લખી ખુલાસો મંગાવવો યા રૂબરૂ મળવું. નોટપેડ પત્ર લેવામાં આવશે નહી.

ભોગીલાલ બુલાખીદાસ માસ્તર.

ઇંડિયન ગાર્ડ છાપખાનાના મેનેજર.